R.N.I. No. MAHBIL/2020/79181

# ક.દ.ઓ. પ્રકાશ સમીક્ષા

## CDO PRAKASH SAMIKSHA

Since 1925...
(Gujarati & English Bilingual) FORTNIGHTLY
સળંગ વર્ષ ૯૯મું

VOLUME : 04 • ISSUE : 01 • PAGES : 28 • MUMBAI • DATE : 5TH NOVEMBER 2023
BIL EDITION • YEARLY SUBSCRIPTION RS. 250/-



With Best Compliments from:

MICROFINISH

Pumps • Valves • Automation




MICROFINISH VALVES PVT. LTD.

**REGISTERED OFFICE:**
B-161/162, Industrial Estate,
Gokul Road, Hubballi - 580030,
Karnataka, India.
Tel: +91-836-2212404 / 2210611
Email - sales@microfinishgroup.com
Website - www.microfinishgroup.com

**WORKS:** Block no.23B, Plot no.1 to 6,
Hubballi - Dharwad Bypass Road,
Itigatti Village, Dharwad - 580114,
Karnataka, India.

Tel: +91-836-2310015/16/19/25

**BRANCH OFFICES:**
Ahmedabad, Baroda,
Bengaluru, Chennai,
Delhi, Hyderabad, Indore,
Kanpur, Kolkata, Mumbai,
Pune.

તંત્રી સ્થાનેથી

# કદઓ સંસ્થાઓ, મહાજનો અને ટ્રસ્ટો

કાર્ય. તંત્રી : એડ. ઉદયન શાહ : ૯૮૨૧૦ ૦૪૨૬૯ (સાંજે ૫ થી ૯)



છેલ્લા લગભગ ૧૫૦ વર્ષથી આપણા વડીલોએ કદઓ જ્ઞાતિના ઉત્કર્ષ, ઉદ્ધાર અને નવ નિર્માણ માટે સામાજિક સંસ્થાઓ, ટ્રસ્ટો અને જ્ઞાતિના વહીવટ માટે દરેક ગામમાં મહાજનોની રચના કરી. આપણી જ્ઞાતિનું સ્વરૂપ ભારત દેશ જેવું એટલે કે દરેક રાજ્યોની સરકાર રાજ્યોનો કારભાર કરે અને ભારત સરકાર દેશનો કારભાર અને વ્યવસ્થા કરે. રાજ્યો સાથે રાજ્યોમાં અમુક ક્ષેત્રે સંકલન સાધી વ્યવસ્થા કરે અને લોકશાહી પધ્ધતિથી દેશ ચલાવે.

આપણા વડીલોએ સ્થાપેલી સંસ્થાઓ, મહાજનો અને ટ્રસ્ટો સમયે સમયે પ્રગતિ કરતા ગયા અને જ્ઞાતિના ઉત્કર્ષમાં મહત્વનો ફાળો આપતા રહ્યાં. દેશી ઢબે વહીવટ કરતી સંસ્થાઓ છેલ્લા ૨૫/૩૦ વર્ષમાં હાઈટેક થઈ ગઈ છે. જ્ઞાતિમાં હવે બુદ્ધિમતા અને સાધનોની છત છે. સેવાભાવી જ્ઞાતિજનો, સંસ્થાઓ એકજ ધ્યેય સાથે ભાર ઉંચકે છે કે દરેક જ્ઞાતિ બંધુની પ્રગતિ થાય. બધા સામાજીક કાર્યો હોય, સખાવતી કાર્યો હોય કે દેરાસરનું નવનિર્માણ હોય, બધુંજ સુપેરે પાર પડે છે. બે જ્ઞાતિ સંમેલનો થયા અને ઘણા ઠરાવો પાસ થયા અને નાની જ્ઞાતિ અને મોટી જ્ઞાતિનું એકીકરણ થયું એ ખૂબજ અનુમોદનીય પગલું હતું.

૨૦૧૮ના નલિયા સંમેલનમાં પણ ઘણા ઠરાવો પાસ થયા અને ઘણી બધી યોજનાઓ જાહેર થઈ. જેમાં સમાજસેવામાં ભાગ લેનારાઓએ નામ નોંધાવ્યા. પણ નલિયા સંમેલન પછી જ્ઞાતિ ક્યાં ઉભી છે ? ઉપર લખ્યા મુજબ જ્ઞાતિની સંસ્થાઓ, ટ્રસ્ટો અને મહાજનો પોતાની રીતે કામ કરે છે. અમુક મહાજનોમાં ફક્ત એકજ વગદાર વ્યક્તિની હાક વાગતી હશે.

પ્ર.સ.ના અગાઉના તંત્રી લેખમાં જણાવ્યા મુજબ જ્ઞાતિના ૪૦ થી ૫૦ વર્ષની ઉમરના આગળ પડતાં યુવાનોને જ્ઞાતિના વહીવટમાં આમંત્રણ આપવામાં આવ્યા નથી લાગતા, શું કરશો? તમે આગેવાની આપવા નથી માંગતા ? તમારી ફરજ છે કે આ યુવાનો સાથે વિચાર વિર્મશ કરીને તેમને તૈયાર કરો. સ્વતંત્ર રીતે વહીવટ કરવાનો મોકો આપો અને બીજા યુવાનોની ટીમ તૈયાર કરવાનું કામ આપો. અને જો વિરોધ નોંધાવે તો એને સાંભળો. નહીં સાંભળો અને નવા યુવાનોને પ્રવેશ નહીં આપો, એમને સાથ નહીં આપો, તો એક ડર છે કે જ્ઞાતિજનો વિખુટા પડી જશે. બધાના ચોકા તો આમ પણ અલગ છે. બધી યોજનાઓના કલ્પવૃક્ષ યોજના જેવા હાલ થશે. મેડિકલ સારવારનો ખર્ચ જરૂરિયાતમંદ માટે જમા કરવો અને જ્ઞાતિમૈયા પ્રકાશન એ નલિયામાં થયેલા સંમેલનની ફળશ્રૃતિ છે, એથી વિશેષ કાંઈ નહીં. હા, જ્ઞાતિએ તોતિંગ ખર્ચો ભોગવ્યો એ ખરૂં.

### જાહેરાતદારોને નિવેદન

આપ જ્યારે જાહેરાતની મેટર મોકલાવો ત્યારે તેની સાથે બીલ કોના નામનું જોઇશે તે જણાવશો. સાથે આપનું સરનામું, કોન્ટેન્ટ પર્સનનો મોબાઇલ નંબર અચૂક મોકલવા વિનંતી. પેમેન્ટ મોકલ્યા પછી પેમેન્ટ ટ્રાંજેક્શન સ્લીપ કે પે સ્લીપ સાથે મોબાઇલ નંબર મોકલવા જેથી રકમ આપના ખાતામાં જમા લઇ શકાય.

### શુભ દિપાવલી-નુતન વર્ષાભિનંદન



સર્વે વાચકો માટે
વિ.સ. ૨૦૮૦નું નવું વર્ષ
સુખ, શાંતિ, સમૃદ્ધિદાયક
બની રહે એવી શુભકામના

## આદ્યતંત્રીઓ

**"પ્રકાશ"**

ડૉ. વેલજી પાશ્વીર ગોસર

**"સમીક્ષા"**

સનત્ શાહ અને ગોવિંદજી જીવરાજ લોડાયા

**"પ્રકાશ સમીક્ષા"**

સનત્ શાહ

રાયચંદ રતનશી નાગડા

**: તંત્રી :**

ડૉ. હીરાચંદ દામજી દંડ

**: તંત્રી મંડળ :**

કેશરસિંહ આણંદજી ખોના    ઉદયન લાલજી લોડાયા


**ટ્રસ્ટ રજી. નં : F - 69260**

પ્રમુખ : ડૉ. હીરાચંદ દામજી દંડ

માનદ્‌મંત્રી : તેજસ બંકીમચંદ્ર લાલકા

કોષાધ્યક્ષ : હેમાંગ લાલજી શાહ (લોડાયા)

**અન્ય ટ્રસ્ટીઓ**

કિરીટ લક્ષ્મીચંદ લાપસીયા    કાશ્મીરા વિરેન્દ્ર લુઠીયા

કેશરસિંહ આણંદજી ખોના    પંકજ પ્રતાપ શાહ

તિલકચંદ કુંવરજી લોડાયા    શૈલેશ સનત્ શાહ

ઉદયન લાલજી લોડાયા    કિરીટ ખેતસી શાહ

જયંત વિશનજી છેડા


**કઠોર પરિશ્રમનો કોઈ વિકલ્પ નથી**


**વૉલ્યુમ : ૦૪, અંક : ૦૧, તા. ૦૫-૧૧-૨૦૨૩**



**: કાર્યાલય :**

પોસ્ટ/કુરીઅર પત્રવ્યવહાર માટે સરનામું

**PRAKASH SAMIKSHA**

A/704, Remi Bizcourt, Plot No. 9,
Shah Indl. Estate, Off Veera Desai Road,
Andheri (W), Mumbai-400 053.

**: જાહેરાત સંપર્ક :**

હેમાંગ લાલજી શાહ

મો.: 99206 46846

E-mail : **kdoprakash@gmail.com**


**સરનામામાં ફેરફાર અંગે વિશેષ વિનંતી.**

આપના રહેઠાણના સરનામામાં ફેરફાર અંગેની નોંધ હવેથી **kdoaddress@gmail.com** ઉપર મોકલવા.

**પ્રકાશ-સમીક્ષા હવે નેટ પર....**
**www.prakashsamiksha.com**

**જાહેરાત/લવાજમ ભરવા અમારી બેંક અકાઉન્ટની વિગત નીચે મુજબની છે.**

For NEFT Transfer
Type of Account : Saving
Account Number : 004003000002
Name of the Bank : Shri Arihant Co-op Bank Ltd.
Branch : Chinch Bunder, Mumbai - 400 009.
IFSC Code : ICIC00ARIHT (after ICIC it is zero zero)
MICR Code : 400800005
Name of the Account: Shri C D O Prakash Samiksha Samiti
For Mobile App Transfer
Our MMID Code : 8359011
You must write/mail separate letter giving payment reference number, amount and date of transfer.
For old subscribers-Just give your Subscription Number.
For New Subscribers - Give full residence address with native village (Kutch Halar).

જાહેરાત / લવાજમ મોકલ્યા પછી બેન્કનો રેફરન્સ નંબર, રકમ તથા તારીખની વિગત અલગથી મોકલવી.

જુના ગ્રાહકોએ ફક્ત ગ્રાહક નંબર મોકલવો.

નવા ગ્રાહકોએ હાલનું પૂરું સરનામું પોતાના (કચ્છ-હાલાર)ના ગામ સાથે લખી મોકલવું.

For Cheque Payment
Draw your cheque in the name of **"Shri C D O Prakash Samiksha Samiti"** and payable at par at Mumbai.

ચેકથી જાહેરાત/ લવાજમ ભરનારાઓને ચેક Shri C D O Prakash Samiksha Samiti નાં નામથી મોકલવો. ચેક at par મુંબઈ હોવો જોઈએ.

**પ્રકાશ-સમીક્ષાના જાહેરાત દર ૧ એપ્રિલ ૨૦૧૯ થી**

**કલર પાનાની જાહેરાત**

| પ્રકાર | સાઈઝ | કલર | GST 5% | ટોટલ |
|---|---|---|---|---|
| મુખપૃષ્ઠ | 167 x 190 mm | 11,000/- | 550/- | 11,550/- |
| આખું પાનું | 167 x 233 mm | 10,000/- | 500/- | 10,500/- |
| અડધું પાનું | 167 x 114 mm | 6,000/- | 300/- | 6,300/- |
| પા પાનું | 82 x 114 mm | 4,000/- | 200/- | 4200/- |

**બ્લેક એન્ડ વ્હાઇટ પાનાની જાહેરાત**

| પ્રકાર | સાઈઝ | B/W | GST 5% | ટોટલ |
|---|---|---|---|---|
| આખું પાનું | 160 x 225 mm | 6,000/- | 300/- | 6,300/- |
| અડધું પાનું | 160 x 111 mm | 3,500/- | 175/- | 3,675/- |
| પા પાનું | 77 x 111 mm | 2,000/- | 100/- | 2,100/- |
| ૧/૮ પાનું | 77 x 54 mm | 1100/- | 55/- | 1155/- |
| ૧/૧૬ પાનું | 77 x 27 mm | 600/- | 30/- | 630/- |

ચેક C.D.O. PRAKASH SAMIKSHA SAMITI ના નામે લખવા

**'પ્રકાશ-સમીક્ષા' પાક્ષિક**

દર મહીને ૫ અને ૨૦ તારીખના પ્રગટ થાય છે. લેખો, સમાચારો આગામી કાર્યક્રમો-પ્રવૃત્તિઓની જાહેરાતો ઈત્યાદી અનુક્રમે ૧ અને ૧૫ તારીખ સુધીમાં મોકલાશે તો તે મેટર જે તે અંકોમાં પ્રકાશિત કરવાનું અમને શક્ય બનશે.



# કચ્છ દર્શન





લેખક : સોમ ધરમશીં
મો. : ૯૭૨૬૭ ૭૬૬૨૭

(ભાગ : ૦૮)



ભદ્રેશ્વર - વસહી કચ્છનું મહાન જૈન તીર્થ હાલના જીર્ણોદ્ધાર પછીનું.



દાનવીર શેઠશ્રી જગડુશા મહેલના અવશેષો

યાત્રિકો ઝડપથી તૈયાર થઈ શ્રી મંદિરજીમાં પુજા-અર્ચના કરવા ગયા. આ લેખ લખવા માટે હું ખાસ ભદ્રેશ્વર હાલમાં જ ગયેલો. ત્યાં આપણી જ જ્ઞાતિના ત્રણ બંધુઓનો ભેટો થયો. જે અહીંની વ્યવસ્થા સંભાળવામાં વ્યસ્ત હતા. (૧) શ્રી ચેતન લીલાધર ખોના (સુથરી-આદિપુર), (૨) શ્રી ખુશાલ શાન્તિલાલ ડાઘા (વરાડીયા-ભદ્રેશ્વર), (૩) શ્રી મોનીક ખુશાલ ડાઘા (વરાડીયા-ભદ્રેશ્વર).

શ્રી મોનીકભાઈએ આ લેખમાં અન્યત્ર આપેલ (અ) શેઠશ્રી જગડુશાના મહેલનાં અવશેષો, (બ) દુંદા હરિની વાવ નાં ફોટા મેળવવામાં મદદ કરી છે. હું મારી કૃતજ્ઞતા તેમના તરફ વ્યક્ત કરી આભાર માનું છું.

**ઈ.સ. ૨૦૦૧નો ભુકંપ અને તીર્થનો નવો અવતાર :-**

તા. ૨૬ જાન્યુઆરી, ૨૦૦૧ના સવારે ૮.૪૬ કલાકે કચ્છ-કાઠિયાવાડમાં વિનાશક ભૂકંપ આવ્યો. અનેક ભૂકંપોમાંથી ઊગરી ગયેલું ભદ્રેશ્વરનું ભવ્ય બાવન જિનાલય આ ભૂકંપો ખમી શક્યું નહીં. બંને મૂળનાયક પ્રભુજીની પ્રતિમાઓને કોઈ આંચ ન આવી. પરંતુ દેરાસરજીને ઘણી હાનિ થઈ. શિખરો, ધ્વજદંડ, આરસ, ચોકિયારા, સ્તંભો અને કેટલીક પ્રતિમાઓને પણ ક્ષતિ પહોંચી. સંકુલની અન્ય ઈમારતો, ફરતો કોટ, મુખ્ય દ્વાર વગેરે ક્ષતિગ્રસ્ત થયા. આ પરિસ્થિતિમાં માત્ર જીર્ણોદ્ધાર નહીં, નવનિર્માણની આવશ્યકતા ઊભી થઈ. તદ્નુસાર ટ્રસ્ટે સંપૂર્ણ 'વસહી' (સંકુલ)ના નવનિર્માણની યોજના બનાવી.

નવનિર્માણના કાર્યમાં ભારતભરના જૈન સંઘો, શ્રેષ્ઠીઓ, પ્રમુખ આચાર્ય ભગવંતો આદિનો પ્રેમભર્યો પ્રોત્સાહક સહયોગ મળ્યો. પ્રાચીન દેરાસરના નકશાને કાયમ રાખી, પહેલાં કરતાં થોડું વિશાળ જિનાલય નિર્માણ કરવાનું નક્કી થયું. પ્રખ્યાત શિલ્પનિષ્ણાંત ચંદ્રકાંત બી. સોમપુરા (અમદાવાદ)ને જિનાલયના નવનિર્માણનું કાર્ય સોપાયું. અન્ય મકાનો/ધર્મશાળોઓ તથા ભોજનશાળા વગેરેનાં કાર્યો પણ શરૂ થયા.

**-: ભવ્યાતિભવ્ય પુન:પ્રતિષ્ઠા :-**

પૂરું જિનાલય બંસીપહાડના પત્થરમાં શાસ્ત્રીય પદ્ધતિએ, ભવ્ય અને કલામય રૂપે નિર્માણ કરવાનું કાર્ય દેવ-ગુરૂકૃપાથી નિર્વિઘ્ને અને ગતિબદ્ધ રૂપે આગળ વધ્યું. પુન:પ્રતિષ્ઠાનું મંગળમુહૂર્ત શાસનરત્ન પ.પૂ. ઉપાધ્યાય પ્રવર શ્રી વિમલસેન વિજયજી મ.સા. દ્વારા પ્રાપ્ત થયું. એ માટેની તૈયારીઓ મોટા પાયે કરવામાં આવી. પ્રતિષ્ઠા-અંજનશલાકા મહોત્સવ માટે કચ્છના વિવિધ ગામોના ચૂંટેલા સભ્યોની એક સમિતિ રચવામાં આવી. તા. ૨૩/૧૧/૨૦૦૯ને સોમવારના સવારે ૧૧.૫૦ કલાકથી ૧૨.૦૧ના શુભ મુહૂર્તમાં બંને મૂળનાયક પ્રભુનો ગૃહપ્રવેશ સંપન્ન થયો. તા. ૨/૬/૨૦૧૦ને બુધવારના મંગળ દિને શ્રી મહાવીરસ્વામી, શ્રી શામળિયા પાર્શ્વનાથ તથા બાવન દેરીના સર્વ જિનબિંબોની પુન:પ્રતિષ્ઠા સંપન્ન થઈ. આ નિમિત્તે દ્વિ. વૈશાખ સુદ-૧૧ થી દ્વિ. વૈખાશ વ.-૬ (તા.

એક પાનાના વાર્ષિક શુભચિંતક દાતા : અશોક દામજી ડાઘા-વરાડિયા(કોઈમ્બતૂર) વેઘા ટેક્ષટાઈલ



**(૧) દુધા હરીની વાવ, (૨) પક્ષીઓનો ચબુતરો**

૨૪/૫/૨૦૧૦ થી ૩/૬/૨૦૧૦) સુધી ૧૧ દિવસીય મહોત્સવ અતિ સુંદર અને ભાવપૂર્ણ રીતે વિશાળ જનમેદની સહ ઉજવાયો.

આ પ્રતિષ્ઠા મહોત્સવ પ્રસંગે પ.પૂ. અચલગચ્છાધિપતિ તપોરત્નમહોદધિ વર્ષીતપના આરાધક આચાર્યદેવ શ્રી ગુણોદયસાગરસૂરીશ્વરજી મ.સા., સાહિત્યદિવાકર પ.પૂ.આ. શ્રી કલાપ્રભસાગરસૂરિજી મ.સા. આદિ ઠાણા, તપાગચ્છરત્ન અધ્યાત્મયોગી પ.પૂ. આચાર્યદેવશ્રી વિ.કલાપૂર્ણસૂરીશ્વરજીના પટ્ટધર ગચ્છાધિપતિ પ્રવચન પ્રભાવક પૂ.આ. શ્રી કલાપ્રભસૂરિશ્વરજી મ.સા., પ.પૂ. મહોપાધ્યાય શ્રી ભુવનચંદ્રજી મ.સા. આદિ ઠાણા, ખરતરગચ્છીય શાસન પ્રભાવક પ.પૂ. મુનિપ્રવર શ્રી જયાનંદવિજયજી મ.સા.ના શિષ્યરત્ન કાર્યકુશળ પ.પૂ. મુનિરાજ શ્રી કુશળમુનિજી મ.સા. આદિ ઠાણા તથા આઠકોટિ મોટી પક્ષના ગચ્છાધિપતિ આ. શ્રી પૂનમચંદ્રજી મ.સા.ના શિષ્યરત્ન કાર્યવાહક પ.પૂ. મુનિશ્રી તારાચંદજી મ.સા. આદિ ઠાણા તેમજ વિશાળ સંખ્યામાં પૂજ્ય શ્રમણી ભગવંતોની પાવનકારી નિશ્રા અને ઉપસ્થિતિ હતી.

જે પ્રાચીન મંદિર ભૂકંપમાં ધ્વસ્ત થયું તે તેની બાંધણી તથા કોરણીથી પ્રખ્યાત હતું અને સ્થાપત્યના એક નમૂના સમાન હતું. ઊંચી પીઠિકા ઉપર વચ્ચે એક મુખ્ય મંદિર અને ફરતે બાવન દેરીઓ, પૂજામંડપ અને રાસમંડપના વિશાળ ઘૂમટો, શૃંગારચોકીઓ, ભવ્ય પ્રવેશ દ્વાર અને તેની ઉપર વિશાળ ભાવના મંડપ વગેરેની રચના મનમોહક હતી. ઊંચા ઊંચા સ્તંભો અને શિખરોની ઝીણી ઝીણી કોતરણી ધ્યાનાકર્ષક હતા. પ્રાચીન જિનાલયનાં જેમણે દર્શન કર્યા હશે, તેમના મનમાં એ જૂના મંદિરની છબી સદાને માટે અંકિત રહેશે.

નવીન જિનાલયની રચના પણ જૂના દેરાસરની શૈલી પ્રમાણે જ કરવામાં આવી છે. તેથી આ તીર્થનું અનુસંધાન ભૂતકાળના ભવ્ય વારસા સાથે જોડાઈ રહ્યું છે. પહેલા કરતાં થોડું વિશાળ છે અને શિલ્પકલાનો છૂટે હાથે વિનિયોગ થયેલ હોવાથી નૂતન જિનાલય પણ ભવ્ય અને દેદીપ્યમાન રૂપ ધારણ કરે છે. કચ્છનું એક નજરાણું કહીએ તો તેમાં અતિશયોક્તિ નહીં ગણાય.

મૂળનાયક શ્રી મહાવીરસ્વામીની પ્રતિમા શ્વેત પાષાણની છે. સપ્રમાણ, પદ્માસનસ્થ અને પ્રસન્ન-સૌમ્ય મુખમુદ્રા ધરાવતી આ પ્રતિમાના દર્શને મનમાં શાંતિનો અનુભવ થાય છે. જૂના મૂળનાયક શ્રી શામળિયા પાર્શ્વનાથની પ્રતિમા શ્યામ પાષાણમાં નિર્મિત છે. પાર્શ્વનાથ પ્રભુની ગંભીર મુદ્રા દર્શકના મનમાં કોઈ ગૂઢ સંવેદના જગાવે છે..

આ લેખને મુર્ત સ્વરૂપ આપવામાં ''ભદ્રેશ્વર-વસહી કચ્છનું મહાન જૈન તીર્થ''ની પરિચય પુસ્તિકાનો સહારો લીધેલ છે. તેની નોંધ લઉં છું. અને શ્રી ચેતન ખોના તરફ આભાર વ્યક્ત કરુ છું.

કેટલાક યાત્રિકો હવે શ્રી જિનમંદિરમાં પૂજા-અર્ચના અને ભાવના કરી મનથી પવિત્ર થઈ પાછા ફરી રહ્યાં હતા. અમારી સાથેના બાળકો આ વિશિષ્ઠ સ્થાપત્ય જોઈ આશ્ચર્યચકિત થયા.

અહીંની ભોજનશાળામાં સવારની નવકારશી તથા બપોર/સાંજના જમણની સુવ્યવસ્થા છે. પણ અમે તો જલેબી-ફાફડાની પેટ પૂજા કરી નિકળ્યા હતા...!

તિલકભાઈ અને નવિનભાઈને ઈસારો કરી બધા યાત્રિકોનો સામાન બસમાં ચડાવવાની વ્યવસ્થા કરી હું અમારા બસના ચાલક અરજણભાઈને શોધવા નિકળી પડ્યો. મને ખબર હતી બહાર વિમલના ગુટકાનું જ્યાં વેચાણ થાય ત્યાં તેઓ મળી આવશે. (વધુ આવતાં અંકે...)



**ભમતી અને બાવન દેરીઓ**

# મળવા જેવા માણસ...

## શ્રીમતી સાધનાબેન દિલીપ દંડ-લાલા (થાણા)



સાધનાબેનનો જન્મ કોલકતામાં થયો અને લગ્ન થયા ત્યાં સુધી કોલકતા જ રહ્યાં. તેઓ જયાબેન લલિત હીરજી દંડના સુપુત્રી. પિતાશ્રી ચાર્ટડ એકાઉન્ટન્ટ હતા. લગ્ન મુંબઈ થયા પછી અનેક વર્ષોથી થાણા રહે છે. નાનપણમાં માતા અરિહંત શરણ થયા. કાકીએ ઉછેર્યા. નાનપણથી ચિત્રકલા તરફ કુદરતી આકર્ષણ થયું. આવો, એમની મુલાકાત માણીએ.

**પ્ર.સ.** : તમે કેટલું ભણ્યા છો ?

**સાધનાબેન** : મેં કલકત્તાની ગોયેન્કા કોલજથી બી.કોમ. કર્યું છે.

**પ્ર.સ.** : ચિત્રકળામાં રસ કેવી રીતે જાગ્યો ?

**સાધનાબેન** : નાનપણથી પોતાની મેળે મને ચિત્રકામ તરફ આકર્ષણ હતું. અને હું ચિત્રો બનાવતી પણ એમાં રંગો પૂરતી ન હતી.

**પ્ર.સ.** : કેટલા વર્ષોથી ચિત્રકામ કરો છો ?

**સાધનાબેન** : નાનપણથી જ કરું છું. પણ ૧૯૮૩થી ૧૯૯૩ના ગાળામાં લગ્ન થયાં અને દીકરીઓને મોટી કરવામાં ૧૦ વર્ષ વિરામ રહ્યો, પણ ૧૯૯૩ થી આજ સુધી એટલે કે છેલ્લા ૩૦ વર્ષોથી સતત મેં ચિત્રકામ ચાલુ રાખ્યું છે.

**પ્ર.સ.** : શું તમે ચિત્રકળા શીખવો છો ?

**સાધનાબેન** : હું છેલ્લા ૩૦ વર્ષોથી થાણામાં ચિત્રકળાના વર્ગો લઉં છું. મુખ્યત્વે ૬ થી ૧૫ વર્ષની વયના વિદ્યાર્થીઓ શીખવા આવે છે. અને તેઓ પરિક્ષામાં પણ ભાગ લે છે. મોટી ઉંમરની બહેનો પણ ચિત્રકામની કળા જાગૃત કરવા આવે છે.

**પ્ર.સ.** : ચિત્રકળા ઉપરાંત તમને બીજી કળાઓનો શોખ છે?

**સાધનાબેન** : મને ભરત ગુંથણ અને નિટીંગ બહુજ સારી રીતે આવડે છે. અને આ ઉપરાંત હું ક્રોશિઓ વર્ક પણ કરૂં છું.

**પ્ર.સ.** : તમે કઈ સંસ્થાઓ સાથે જોડાયેલા છો ?

**સાધનાબેન** : હું રોટરી ક્લબ અને ઈનરવ્હીલ સાથે વર્ષોથી સંકળાયેલી છું. ૨૦૧૫-૨૦૧૬માં રોટરી કલબની પ્રેસિડેન્ટ હતી. સંસ્થામાં યોજાતી ફુલોની સજાવટ, એકાંકી અભિનય, વેસ્ટમાંથી બેસ્ટ એટલે કે નકામી વસ્તુઓનો ઉપયોગ કરી વપરાશની કે સજાવટની વસ્તુ બનાવવી વગેરે પ્રવૃત્તિઓમાં ભાગ લઉં છું અને ઈનામ પણ મેળવ્યા છે.

**પ્ર.સ.** : ચિત્રકામ ઉપરાંત બીજી કળાને લગતી કઈ પ્રવૃતિ કરો છો ?

**સાધનાબેન** : હું ઉનાળુ વર્ગોમાં માટી એટલે કે ક્લે વર્ક અને બીજી શોખની કળાઓ શીખવું છું.

**પ્ર.સ.** : તમે ચિત્રકળાના પ્રર્દશન યોજ્યા છે ?

**સાધનાબેન** : ૧૯૮૩માં કોલકતામાં મારી બહેન અને કાકાઈ ભાઈ સાથે પહેલું ને ઓક્ટોબર ૨૦૨૩માં બીજી વખત થાણેમાં પ્રર્દશન યોજયું હતું. થાણા પ્રર્દશનનો પ્રતિભાવ બહુ જ સારો હતો અને લોકોએ ચિત્રો ખરીદયા પણ હતા. આ પ્રર્દશન માટે અમે બધાને વ્યક્તિગત અને વોટ્સઅપથી આમંત્રણ આપ્યું હતું. કોઈપણ જાહેરાત નહોતી કરી.

**પ્ર.સ.** : તમારા કુટુંબમાં બીજા કોને કળાનો શોખ છે ?

**સાધનાબેન** : મારી નાની દીકરી યામીની એબ્સ્ટ્રેકટ ચિત્રકામ કરે છે. અને એ સોમૈયા વિદ્યાવિહાર યુનિર્વસીટીમાં કચ્છ વિભાગના આસિસટન્ટ ડાયરેક્ટર પદે છે.

**પ્ર.સ.** : ચિત્રકળા અથવા કોઈપણ કળા કે શોખ જીવનમાં શું ભાગ ભજવે છે ?

**સાધનાબેન** : કોઈપણ કળા એક ધ્યાન જેવી છે. તમે એમાં ઓતપ્રોત થઈ શકો છો. કળા તમારો ખાલીપો, એકાકીપણું, માનસિક અને શારિરીક થાક દૂર કરે છે. તમને તમારું અસ્તિત્વ જાળવવામાં મોટો ભાગ ભજવે છે.

**પ્ર.સ.** : તમે કદઓ જ્ઞાતિને ખાસ કરીને બહેનોને શું સંદેશો આપશો ?

**સાધનાબેન** : પહેલી વાત કે બાળકો તંત્રજ્ઞાન કે બીજી કોઈ ડિગ્રી હોય તોજ હોંશિયાર ગણાશે, તોજ આગળ વધી શકશે, એ એક મોટો ભ્રમ છે. તમે કોઈ પણ કળાના માધ્યમથી આગળ વધી શકો છો અને તમારી શાન વધારી શકો છો. તમારે કોઈ કળાનો શોખ રાખવો જરૂરી છે. અને એ જીવંત રાખવો જોઈએ. આ કળા અને શોખનો વારસો સંતોષપ્રદ જીંદગી જીવવામાં બહુ મોટો ભાગ ભજવે છે, એ મોટી ઉંમરે ખ્યાલ આવશે.

સાધનાબેને ચિત્રકળા ક્ષેત્રે આપણી બહેનોને અને સંસ્થાઓને પ્રોત્સાહિત કરવાની તૈયારી બતાવી છે. એમનો સંપર્ક એમના મો. નં. ૯૩૨૪૬ ૪૨૮૮૧ ઉપર કરી શકશો.

**- ઍડ. ઉદયન શાહ**

## શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન મહાજન, તેરા
## શ્રી જીરાવલા પાર્શ્વનાથજી જૈન દેરાસર ટ્રસ્ટ, તેરા
## શ્રી શામળીયા પાર્શ્વનાથ જિનાલય દ્વિશતાબ્દી મહામહોત્સવ સમિતિ
## શ્રી તેકુલાધુ જૈન યુવક સંઘ, મુંબઈ

શ્રી તેરા, કુવાપધ્ધર, લાખણીયા અને ધુફી ગામના પરિવારોમાંથી સંયમ માર્ગ સ્વીકારનાર ઉચ્ચ આત્માઓને કોટી કોટી વંદન તેમજ પરિવારોની ભૂરી ભૂરી અનુમોદના. અત્યાર સુધી તેકુલાધુ પરિવારમાંથી જે પુણ્યશાળી આત્માઓએ સંયમ માર્ગ અંગીકાર કરેલ છે તેઓશ્રીની નીચે મુજબ વિગત અમારા પાસે આવેલ છે. હજી પણ કોઈ નામ બાકી રહી જતું હોય અથવા તો આપના ધ્યાનમાં આવતું હોય તો સંપર્ક : શાંતિલાલ કે. લોડાયા, મો.નં.: 98240 12971.

| ક્રમ | સાધુ ભગવંત તથા સાધ્વીજી ભગવંતનું નામ | સંસારી પુરૂં નામ | કચ્છ – ગામ અને કર્મભૂમી |
|---|---|---|---|
| ૧ | પ.પૂ.સા.શ્રી હંસાવલીશ્રીજી મ.સા. | શાંતાબેન ડુંગરશી ધનજી દંડ(આણંદ પરિવાર) | તેરા |
| ૨ | પ.પૂ.શ્રી. મોહજિતવિજયજી મ.સા. (મોટા પંડિત મ.સા.) | શ્રી મહેન્દ્રભાઈ ખીમજીભાઈ | કુવાપધ્ધર-કલકત્તા (કાળધર્મ) |
| ૩ | પ.પૂ.ગચ્છાધિપતિ આ.ભ. શ્રી યુગભૂષણસૂરીશ્વરજી મ.સા. (પંડિત મ.સા.) | શ્રી નવીનભાઈ ખીમજીભાઈ | કુવાપધ્ધર-કલકત્તા |
| ૪ | પૂ.આ.શ્રી કલ્પભૂષણસૂરીશ્વરજી મ.સા. | શ્રી કલ્પેશભાઈ ચીમનભાઈ | કુવાપધ્ધર-ગોરેગામ |
| ૫ | પૂ.પ્રવતિની.સા.શ્રી કલાનિધિશ્રીજી મ.સા. | કલાવતીબેન ખીમજીભાઈ | કુવાપધ્ધર-કલકત્તા |
| ૬ | પ.પૂ.સા. શ્રી હિરાશ્રીજી મ.સા. | હીરબાઈ ધનજી પાશ્વીર નાગડા | તેરા- સાંધાણ (નિયાણી) (કાળધર્મ તેરા) |
| ૭ | પ.પૂ. તીર્થચંદ્રવિજય મ.સા. | શ્રી રાયચંદ ખીમજી ડુંગરશી મોતા | તેરા(કાળધર્મ તેરા) |
| ૮ | મુનિશ્રી હિતેશ્વરવિજય મ.સા. | શ્રી હીરજી વીરજી મોતા | તેરા-વડાલા (કાળધર્મ સાંગલી) |
| ૯ | પ.પૂ. સાધ્વીશ્રી મુક્તિરત્નાશ્રીજી મ.સા. | માનબાઈ (પતિશ્રી હીરજી વીરજી મોતા) | તેરા-વડાલા (કાળધર્મ અમદાવાદ) |
| ૧૦ | પૂ.શ્રી. પરમ દિવ્યતાજી મહાસતીજી | કુ. દિશાબેન કેતનભાઈ મોતા | તેરા – અંધેરી |
| ૧૧ | પ.પૂ.સા. શ્રી તત્ત્વપ્રજ્ઞાશ્રીજી મ.સા. | રૂચીબેન મુકેશભાઈ શિયાલ | તેરા – ઘાટકોપર |
| ૧૨ | પ.પૂ.સા. શ્રી નિર્વાણપ્રજ્ઞાશ્રીજી મ.સા. | નિરાલીબેન મુકેશભઆઈ શિયાલ | તેરા – ઘાટકોપર |
| ૧૩ | પ.પૂ. મધુરહંસાશ્રીજી મ.સા. | મીનલ પ્રદીપભાઈ | તેરા – વાપી |
| ૧૪ | પ.પૂ.સા. શ્રી ધન્યહંસાશ્રીજી મ.સા. | ધારા પ્રદીપભાઈ | તેરા – વાપી |
| ૧૫ | પ.પૂ. તત્ત્વશીલાશ્રીજી મ.સા. | રતનબેન ગુલાબચંદ ગોશર | તેરા-ગદગ (નિયાણી) |
| ૧૬ | પ.પૂ.સા. શ્રી માર્ગદર્શીતાશ્રીજી મ.સા. | મોનિકા મહેન્દ્ર પાનાચંદ લોડાયા | તેરા – રાયપુર |
| ૧૭ | પ.પૂ.સા. શ્રી સંસ્કારનિધિશ્રીજી મ.સા. | સંધ્યાબેન શાંતીલાલ ભવાનજી મોતા | કુવાપધ્ધર-આદિપુર |



### સોમૈયા ટ્રસ્ટનો અનોખો પ્રકલ્પ સેન્ટર ફોર કચ્છ સ્ટડીઝ

કચ્છની સંસ્કૃતિ, ભૂગોળ, કલાકારીગરી તથા સમાજીક, આર્થિક ગતિશીલતા પર સંશોધન અને અભ્યાસને સમર્પિત આ સેન્ટરના આસિસ્ટન્ટ ડાયરેક્ટર પદે યામિનીબેન દંડ-લાલા(મુલુંડ) સેવા આપી રહ્યાં છે. કચ્છી વણકરો દ્વારા બનાવેલ પરંપરાગત કાપડના પ્રદર્શન/વેંચાણના કાર્યક્રમનું આયોજન સેન્ટર દ્વારા તા. ૨-૩/નવેમ્બરના કરવામાં આવ્યું હતું.

**શબ્દ કોયડો**

# ધર્મસંદેશ - તા. ૦૫-૧૧-૨૦૨૩

**રચયિતા : જયકાંત મોતા - તેરા (ઘાટકોપર)**

**મો. : ૯૮૧૯૬ ૨૮૩૮૨**



| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ■ | ૨ | ■ | ૩ | ૪ | | | ■ | ૫ | ૬ |
| ૭ | | | ■ | ■ | | ■ | ■ | ૮ | ■ | |
| | ■ | ■ | ૯ | ■ | ૧૦ | | | | ■ | |
| ■ | ૧૧ | | | ■ | | ■ | ■ | ૧૨ | | ■ |
| ૧૩ | | ■ | ૧૪ | | | ૧૫ | | ■ | ■ | ૧૬ |
| | ■ | ■ | | ■ | ■ | | ■ | ૧૭ | | |
| ૧૮ | | ૧૯ | | ■ | ૨૦ | | ૨૧ | | ■ | |
| | ■ | | ■ | ૨૨ | | ■ | | ■ | ૨૩ | |
| ૨૪ | | | ■ | ■ | | ■ | ૨૫ | | ■ | |
| ■ | ■ | ■ | ૨૬ | ૨૭ | | ■ | | ■ | ૨૮ | ■ |
| ૨૯ | | | ■ | | ■ | ૩૦ | ■ | ૩૧ | | |

**આડી ચાવીઓ :**

૩) કેટલીક વનસ્પતિમાં અનંતા જીવ હોય તેને ..... વનસ્પતિકાય કહેવાય (૪)
૫) જે જીવો સ્વેચ્છાએ હલનચલન કરી શકે તે (૨)
૭) કચ્છના આ ગામમાં જ ફક્ત અષ્ટપદનું જીનાલય છે (૩)
૧૦) શિહોર અને પાલીતાણા વચ્ચમાં આવતું એક તીર્થ (૪)
૧૧) એક અભક્ષ્ય (૩)
૧૨) ચક્રવર્તીના ....... ચૌદ છે (૨)
૧૩) આરતીમાં પાંચ દીપક ..... ના સૂચક છે (૨)
૧૪) શત્રુંજયના રક્ષક (૫)
૧૭) આ તીર્થ તથા મૂળનાયકનું નામ એક જ છે (૩)
૧૮) પાટણમાં આવેલ ૧૦૮ પાર્શ્વનાથમાંના એક (૪)
૨૦) સાધુ ભગવંતોની એક પદવી (૪)
૨૨) દેવો .... જ્ઞાનના ધણી હોય છે (૨)
૨૩) આના બાર દોષ છે (૨)
૨૪) નેમિનાથનું જન્મ સ્થળ (૩)
૨૫) મહુવા પાસે આવેલ શાંતિનાથનું એક તીર્થ (૨)
૨૬) ગુજરાતનું પાર્શ્વનાથનું તીર્થ (૩)
૨૯) એક ચક્રવર્તી (૩)
૩૦) .... ચક્રવર્તી મોક્ષે નથી ગયા (૧)
૩૧) બધી સતીઓમાં સૌથી વધારે પુણ્યશાળી સતી (૩)

**ઊભી ચાવીઓ :**

૧) દેવગતીની બીજી એક જાતિ (૩)
૨) પાટણના ૧૦૮ પાર્શ્વનાથમાંના એક (૨)
૪) અઢીદ્વીપમાં આવેલ (૫)
૬) રાગદ્વેષના પ્રસંગો મન ઉપર અસર ન કરે તેનું નામ (૩)
૮) દર્શનનું એક ઉપકરણ (૩)
૯) ૧૦૮ પાર્શ્વનાથમાંના એક (૫)
૧૧) સાતમું પાપ સ્થાનક (૨)
૧૩) કારતક સુદ પાંચમ એટલે (૫)
૧૫) કાલીએ અભિનંદન સ્વામીના ....... છે (૩)
૧૬) ગુજરાતનું આદીનાથનું તીર્થ (૫)
૧૭) ધર્મનાથના કેટલા કલ્યાણક રત્નપુરમાં થયા (૨)
૧૯) મેરુપ્રભ હાથીએ .....ને પોતાના પગ નીચે કચળતા બચાવ્યો (૩)
૨૦) પ્રભાસ એ આ અવસર્પિણી કાળના અંતિમ .... હતા (૪)
૨૧) તું મને ભગવાન એક ........ આપી દે (૪)
૨૭) પ્રભુની તીર્થભૂમિ (૨)
૨૮) છઠ્ઠા આરામાં મનુષ્યનું રહેવાનું સ્થાન (૨)

**ધર્મસંદેશ - ૨૦.૧૦.૨૦૨૩ના જવાબો : આડી ચાવીઓ :** (૧) માતા (૩) સાળાબનેવી (૫) માંસ (૮) ગાથાપતિ (૧૧) નાભિરાજા (૧૩) મગ (૧૪) મુનિ (૧૬) ટાંકલા (૧૮) છ (૧૯) પાપ (૨૦) મગર (૨૨) છાણી (૨૩) અજારા (૨૫) રથ (૨૬) બરાસ (૨૯) બત્રીસ (૩૧) હાથીપોળ (૩૩) મહાવિદેહ (૩૬) પિતા (૩૭) રાહ (૩૮) બે.

**ઊભી ચાવીઓ :** (૧) તારંગા (૪) નેમિનાથ (૬) સતિ (૭) કરા (૯) થાણા (૧૦) તિલક (૧૨) જામનગર (૧૫) નિપાણી (૧૭) લાયજા (૨૧) રથનેમિ (૨૨) છાશ (૨૪) રાબ (૨૫) પાબળ (૨૮) પોથી (૩૦) સમતા (૩૧) હાથી (૩૨) પોષો (૩૪) વિરા (૩૫) દેહ.


U M KHONA AND COMPANY
CLEARING | FORWARDING | LOGISTICS
AEO
भारतीय सीमा शुल्क
INDIAN CUSTOMS
COMMITMENT TO EXCELLENCE
OUR PRESENCE AT:
MUMBAI
JNPT
HAZIRA
KOLKATA
HALDIA
CHENNAI
KANDLA
MUNDRA
PIPAVAV
U M KHONA AND COMPANY
1011, Universal Majestic,
Behind RBK International Academy,
Off Ghatkopar – Mankhurd Link Road,
Chembur, Mumbai 400 088.
Email : harsh.lapsia@umkhona.com
Tel : +91 22 6155 9999 / +91 98190 30311
Fax : +91 22 6155 9955
jayant.lapsia@gmail.com
Tel.: 6155 9901
www.umkhona.com
CB: 11/189

આરોગ્ય પ્રકાશ

# આરોગ્ય વિશે ઉપયોગી માહિતી

**- ડૉ. વીરચંદ લખમશી નાગડા,**
M.B.B.S. (મુંબઇ), **M : 8369077978**



૧) જમ્યા બાદ 'શત પાવલી' ખૂબ ઉપયોગી : સામાન્ય રીતે, ખાસ કરીને ગુજરાતીઓ જમ્યા પછી સીધા પલંગ કે સોફા પર લંબાવી દેતા હોય છે અને રાત્રીનું જમણ ટેલીવીઝન જોતાં જોતાં જ કરાય છે અને જમીને ફરી ટી.વી. સામે જ ગોઠવાઈ જાય છે. જમીને તરત જ આડા પડવું કે ઉંઘવું આરોગ્ય માટે ખૂબ હાનિકારક છે. જમ્યા પછી ધીમી ચાલે સો ડગલા (શત પાવલી) ચાલવાથી પાચન સારું થાય છે; ચયાપચયની ક્રિયા સારી થાય છે, જમ્યા પછી જે સુસ્તી આવે છે તે પણ રહેતી નથી. આમ ખૂબ જ ફાયદો થાય છે. આધુનિક મેડીકલ સાયન્સમાં રિસર્ચ કરવાથી એવું સાબિત થયું કે જમીને ૧૫ મિનીટ ધીમી ચાલે ચાલવાથી લોહીમાં સાકરનું પ્રમાણ ઘટે છે. ખાસ કરીને ડાયબિટીઝના દર્દીમાં. જેમને ડાયબીટીઝ હોય તેમણે જમ્યા બાદ ૧૫ મિનીટ બ્રિસ્ક વૉક કર્યાથી તેમના લોહીમાં સાકર ઘટે છે અને જેમનું વજન વધારે હોય તેમનું વજન પણ ઘટે છે. આયુર્વેદ જમ્યા પછી બ્રિસ્ક વૉક, કસરત કે ન્હાવાની સલાહ આપતું નથી. શત પાવલીથી પાચન માટે જરૂરી એવા કેટલાક સ્રાવ ઝરે છે, ગેસ છુટ્ટો થાય છે, પાચનક્રિયા સારી રીતે થાય છે, એસીડીટી-અપચો થતો નથી, શરીરમાં ઉર્જા સારી રહે છે. ચાલવાથી શરીરમાં જુના કોષોનું નિષ્કાસીત થવું અને નવા કોષોનું સર્જન (ચયાપચય) સારી રીતે થાય છે જેની ફક્ત પાચનતંત્ર પર નહિં પણ શરીરના તમામ અંગો પર સારી અસર પડે છે. અમુક લોકોને જમ્યા પછી સુસ્તી ચડે છે એનું કારણ જમવામાં લીધેલ કાર્બોદિત અને પ્રોટીન પદાર્થ પેટમાં જવાથી શરીરમાં સેરેટોનિનનું ઉત્પાદન થાય છે જેને કારણે સુસ્તી ચડી ઉંઘવાની ઈચ્છા થાય છે. જમીને શત પાવલી કરવાથી આ સુસ્તી ભાગી જાય છે, બપોરે કદાચ ઓફિસ વર્ક કરનારાને જમવાનો સમય ઓછો હોય તો પણ પાંચેક મિનિટ તો હરી-ફરીને શત પાવલી કરી જ શકે અને તેનો ફાયદો મેળવી શકે. રાત્રે તો અચુક જમ્યા બાદ બેસી ન રહેતાં (ટી.વી. સામે) શત પાવલી કરવી જ જોઈએ. આનાથી વ્યક્તિના સમગ્ર આરોગ્ય પર સારી અસર થાય છે.

૨) કુદરતી સ્ટેરોઈડ ધરાવતા ખાદ્યો : સ્ટેરોઈડ્સ એ શરીરમાં ઉત્પન્ન થતાં એક પ્રકારના હોર્મોન્સ છે. કુદરતી રીતે શરીરમાં સ્ટેરોઈડ ટેસ્ટીસ, ઓવરી અને એડ્રીનલ ગ્રંથીમાં ઉત્પન્ન થાય છે. આ હોર્મોન્સ બિમારી સંક્રમણ અને સોજા હોય ત્યારે કુદરતી રીતે શરીરનું રક્ષણ કરે છે. અમુક બિમારીઓમાં (દમનો જોરદાર અટેક, હરપીસ્ટ જોસ્ટર-નાગીન, દર્દીની સ્થિતિ ગંભીર હોય વગેરે) માનવ નિર્મિત સ્ટેરોઈડ્સ ગોળી કે ઈંજેક્શન આપવામાં આવે છે અને દર્દીને બચાવવામાં આવે છે. પણ એની આડઅસરો વત્તા-ઓછા અંશે શરીર પર થાય છે. આયુર્વેદિક વૈદો અમુક બિમારીઓમાં આ સ્ટેરોઈડ્સ પાવડર કે દવામાં મિલાવીને દર્દીને આપે છે. જેનાથી દર્દીને તરત જ ફાયદો થાય છે અને તેથી જ દર્દી એ જ દવા લેવા આકર્ષાય છે. પણ આ સ્ટેરોઈડવાળી દવા ચાલુ હોય ત્યાં સુધી જ ખૂબ જ ફાયદો જણાય છે પણ આ દવા બંધ કરતાં એ બિમારી વધુ તકલીફ આપે છે. ઉપરાંત એ દવાની બીજી આડઅસરો થાય છે તે તો પછીથી ચેકીંગ કર્યાથી જ ખબર પડે છે. જેમકે હાડકાનું પોલુ થવું, હાડકામાંથી કેલશિયમ ધોવાઈ જવું (ઓસ્ટીઓ પોરોસીસ), કે વજન વધી જવું જેવી તકલીફ. આ જ ફાયદાકારી સ્ટેરોઈડ્સ કુદરતી ચીજોમાં પણ હોય છે. આદુ, જેષ્ઠીમધ, મેથી, રાજગરો, સ્વમુત્ર, ગૌમુત્ર, ઉપરાંત અમુક શાકભાજીમાં કુદરતી રીતે હોય છે. (૧) લાલ કોળું-એમાં બીટાગ્લિસરોઈડ્સ, અલ્કાન્ક્રી હાઈડ્રેડસ્ટેરોજ, પ્રોજેસ્ટ્રોન જેવા સ્ટેરોઈડ્સ છે, જે અશક્તિ અને પગના સોજા દૂર કરે, કેન્સર સેલને વધવા દેતા નથી, પુરૂષોમાં ટેસ્ટોસ્ટેરોન વધારે તેથી પ્રોસ્ટેટની સમસ્યા થતી નથી. માંસપેશી હાડકાનું ઘનત્ત્વ વધારે, સ્નાયુઓને મજબુત કરે. (૨) પરવળ, પંડોળા (Ring gourd, Snake gourd)-ફીયટોસ્ટેરોલ, કેમ્ફેસ્ટીરોલ, બીટાસ્ટેરોલ જેવા લગભગ બધા જ સ્ટેરોઈડ ધરાવે છે. જે નબળાઈ દૂર કરે, ડાયાબીટીઝ ઘટાડે, રોગ પ્રતિકારક શક્તિ વધારે, બીપી કંટ્રોલ કરે, પ્રોસ્ટેટ-કેન્સરની બિમારીમાં ફાયદો કરે છે. (૩) સફેદ કોળું (Ash gourd)-ફાયટોસ્ટેરોલ, કેરોટીનોઈડ્સ, પેપ્ટ્રાઈડ્સ, ફીનોલીક્સ, કેમ્ફાસ્ટીરોલ, બીટાસ્ટીરોલ, ડેસ્મોસ્ટીરોલ, ઝાયમોસ્ટીરોલ ધરાવે છે ઉપરાંત ભરપૂર ઉર્જા, વિટામીન સી, ઉચ્ચ ફાયબર, ખનીજ તત્ત્વોથી ભરપૂર, જરૂરી બધા જ પોષક તત્ત્વો ધરાવે છે. બળતરા, સોજા દૂર કરે, કીડની સ્ટોન થવા દેતો નથી, ગાંડપણ, એપીલેપ્સી નિવારણ, લ્યુકોરીયા,

અસ્થમા, ડાયાબીટીઝ, ઝીંકની ઉણપ, અલ્ઝાયમરમાં ફાયદો કરે. સવારના તાજો રસ લઈ શકાય. સૂપ, શાકમાં વાપરી શકાય. આમાંથી જ પેઠા બને છે. (૪) દૂધી– ટેસ્ટોસ્ટેરોન, પોસ્ટીટેશન, કોરીસ્ટ્રોલ, ફાયટોસ્ટીરોલ વગેરે સ્ટેરોઈડ છે. બળદાયી, અશક્ત માટે પરમ ઔષધી, હૃદય માટે ગુણકારી, સ્નાયુને તાકાત આપે, મગજને ઠંડક આપે, સગર્ભાને શક્તિ, પુષ્ટી આપે, હરસ–મસામાં લોહી પડતું અટકાવે (૫) ટીંડોરા (Ivy Gourd) : સ્ટેસ્ટ્રેરોલ, બીટ–સ્ટિસ્ટેરોલ બ્યુપેઓલ, દરેકસેરોલ, સેફાલેન્ડરોલ, ફાયટોસ્ટેરોલ ધરાવે છે. સ્વાદુપીંડ (પેનક્રિયાઝ)ની પેશીઓની કામગીરી સુધારે જેથી ડાયાબીટીઝ ઘટાડે. પિત્ત, વાયુ, કબજીયાત, જીભના ચાંદા, ત્વચા જખમ, દરાજ–રીંગવૉર્મ મટાડે, પેશાબની નળીના અવરોધ દૂર કરે. કોલેસ્ટ્રોલમાં સુધાર લાવે. ચટણી કે જ્યુસના રૂપમાં કાચી લેવી ફાયદાકરક છે પણ અહીં ધ્યાન રાખવું કે અથાણું બનાવતાં તેમાં તેલ કે વધુ મસાલાનો ઉપયોગ કરવો નહિં.

સ્ટેરોઈડ દવા તરીકે કૃત્રિમ રીતે લેવાય તો જોખમકારી, બી.પી. વધારે, એપીલેપ્સી જેવી તકલીફ થઈ શકે, ભૂખ વધે જેવી અનેક સમસ્યા શરીરમાં પેદા કરે માટે જ ઉપર જણાવેલ વસ્તુઓ લઈ ફાયદો મેળવો.

૩) એપીલેપ્સી (ખેંચ) : એપીલેપ્સી એ માનસિક રોગ નથી, મગજની ન્યુરોલોજીકલ સમસ્યા છે જેનો ઈલાજ શક્ય છે. આ ખેંચ અથવા ફીટ દરમ્યાન દર્દીના મોંમાં જબરજસ્તી કોઈ ઠોસ વસ્તુ મુકવી નહિં, હાથપગનું હલનચલન અટકાવવું નહિં, ડુંગળી, ચપ્પલ સુંઘાડવા નહિં કારણ આવા પ્રયત્નો વધારે નુકશાનકારક છે. આ રોગ વારસાગત નથી, આજીવન રહેતો નથી પરંતુ યોગ્ય ઉપચારથી રોગ મટે છે. ભૂત–વળગાડ જેવી ગેર માન્યતાઓથી દૂર રહેવું. ઉપચાર વ્યવસ્થિત ન કરવામાં આવે તો સ્થિતિ ગંભીર થઈ શકે. આવા દર્દીઓ પ્રત્યે અણગમા કે તિરસ્કારની ભાવના ન કરવી. આવા દર્દીએ રોગ હોય ત્યારે અને રોગ કાબુમાં આવ્યા પછી પણ અમુક વર્ષ ડ્રાઈવીંગ ન કરવું, સ્વીમીંગ કરવું, અગ્નિ અને જોખમી મશીનથી દૂર રહેવું. સાવચેતી–ફીટ આવેલ દર્દી માથા નીચે ઓશીકું કે ટુવાલ મુકો, નજીક પડેલી તીણી ધારદાર વસ્તુઓ કે ગરમ પદાર્થ દૂર કરો, દર્દીને પડખાભેર સુવડાવો જેથી જીભ કરડવાનું જોખમ ટળે અને લાળ–થુંક બહાર નીકળી જાય. “Midazolam Spray” દર્દીના નાકના બન્ને નસ્કોરામાં સ્પ્રે કરો જેથી દર્દી નોર્મલ થશે. ફીટ દરમ્યાન પાણી કે કાંઈ આપવું નહિં, દર્દી નોર્મલ થાય એટલે ડૉક્ટરની સલાહ લો. પાંચ મિનીટથી વધુ ખેંચ ચાલે કે વારંવાર ખેંચ આવે તો તરત જ હોસ્પિટલમાં લઈ જાવ. EEG– મગજનો ગ્રાફ કાઢવાથી એપીલેપ્સી છે કે નહિં તેનો ખ્યાલ આવશે, એપીલેપ્સીના પ્રકારનો ખ્યાલ આવશે તે પ્રમાણે સ્પેશ્યાલીસ્ટ દવા લખે તે વગર ખાડો કરે કહ્યા મુજબ સંપૂર્ણ કોર્સ પૂરો કરો જેથી બિમારી સંપૂર્ણ મટે. સફેદ કોળાનો ખાવામાં ઉપયોગ આ દર્દીને ખૂબ ફાયદાકારી છે.

(૪) પોષક તત્ત્વોથી ભરપુર ખીચડી : ખીચડી એ પોષક તત્ત્વોથી ભરપુર અને સહેલાઈથી પચે તેવો ખોરાક છે. ચોખા અને મગફાડા–છિલ્ટીની સાદી ખીચડીમાં અસલી ઘી નાખી લસોટી ખાવાથી પ્રોટીન, કાર્બોદિત પદાર્થ, ચરબી, વિટામીન્સ, મિનરલ્સ, ફાયબર મળે છે. દૂધ, દહીં કે છાસ સાથે ખાવાથી સ્વાદિષ્ટ લાગે છે અને દૂધ–દહીના ગુણ પણ મળે છે. ખીચડીમાંથી ૧૪ પોષક તત્ત્વો, ઉપયોગી ફાયબર અને કેલેરી–એનર્જી શક્તિ મળે છે. આરોગ્ય માટે જરૂરી મોટા ભાગના બધા જ તત્ત્વો ખીચડીમાં રહેલા છે. આમ અવારનવાર આધુનિક ખાદ્ય ત્યજી ખીચડીનો ઉપયોગ વધુ કરો અને આરોગ્યદાયી રહો.


Parsi Gara Sale - Parsi Gara Sale - Parsi Gara Sale

**Mahavir Sarees** Santacruz West

Modi Chawl, Shop 2, Opp. Seasons' Show Room, Santacruz (W), Mumbai - 400 054.

**Mob.: 9137146272 - 9619554801**

**Exclusive Authentic Parsi Gara Shop**

**Heavy Discount On**

★ Hand Made Parsi Gara Saree - Dupatta 30%
★ Exclusive Machine Made Parsi Gara Saree 20%
★ Parsi Gara Kurti - Dupatta - Stall 20%
★ Many Kind of Plain Sarees 30%
★ Fancy Party Wear Saree 30%
★ Many Type of Embroidery Work Ready and Make to Order of Your Choice 20%
★ Alteration of Your Old Saree make New Look 20%
★ Zari Polish is our Speciality
★ We Buy Old Parsi Gara, Kore & Real Jari Kore at Best Price

**Sale From 15.10.2023 to 13.11.2023 Sunday Open Till Diwali**

Parsi Gara Sale

# શ્રી કચ્છી દશા ઓશવાળ જૈન જ્ઞાતિ મહાજન નલીયા

**જૈન ઉપાશ્રય : શ્રી કચ્છી દશા ઓશવાળ જૈન જ્ઞાતિ મહાજન નલીયા**
**જ્ઞાનશાળા : શેઠશ્રી ભોજરાજ દેશર ખોના**
**ઉપાશ્રય તથા જ્ઞાનશાળા નુતનીકરણના લાભાર્થી પરિવારોની નામાવલિ**

### ગોચરી રૂમ - ૧ના લાભાર્થી પરિવાર

• માતુશ્રી જેતબાઈ લખમશી મુલજી છેડા, હસ્તે : ગુણવંતીબેન લખમશી છેડા-નલીયા (મુલુંડ)

### ગોચરી રૂમ - ૨ના લાભાર્થી પરિવાર

• માતુશ્રી દીમુબાઈ પદમશી ઘેલાભાઈ મોતા - (બડગરા, કલીકટ, ગદગ, મુંબઈ, નલીયા)

### જ્ઞાન ભંડાર - ૧ ના લાભાર્થી પરિવાર

• શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન જ્ઞાતિ મહાજન - બેંગ્લોર

### જ્ઞાન ભંડાર - ૨ ના લાભાર્થી પરિવાર

• માતુશ્રી કુંવરબાઈ દામજી મણશી નાગડા (કક્કા)ના સુપુત્ર શ્રી જયંતિલાલ દામજી નાગડાના સ્મરણાર્થે,
હસ્તે : માતુશ્રી ચંદનબેન જયંતિલાલ નાગડા - નલીયા (મુલુંડ)

### નૂતન ઉપાશ્રય સુવર્ણસ્થંભ લાભાર્થી પરિવાર

- માતુશ્રી ચાંપુબાઈ વેરશી લધાભાઈ લોડાયા બેંગ્લોર
- માતુશ્રી જયાબેન ઝવેરચંદ નરશી લોડાયા - અંધેરી
- માતુશ્રી લક્ષ્મીબાઈ ભવાનજી જીવરાજ લોડાયા - મુલુંડ
- માતુશ્રી જયાબેન ભવાનજી ચાંપશી લોડાયા-માણાવદર
- માતુશ્રી હીરાબાઈ નાગશી કેશવજી છેડા - શિહોર
- માતુશ્રી દીમુબાઈ ગોવિંદજી શીવજી લોડાયા - ઘાટકોપર
- માતુશ્રી વિજયાબેન ત્રિકમજી શીવજી છેડા - હુબલી
- માતુશ્રી પ્રેમિલાબેન જયચંદ લોડાયા (શાહ) - રાજકોટ
- માતુશ્રી સરલાબેન જયચંદ લોડાયા - ઘાટકોપર
- માતુશ્રી પ્રેમાબાઈ ભવાનજી કુંવરજી મોમાયા-ઘાટકોપર

### નૂતન ઉપાશ્રય રજતસ્થંભ લાભાર્થી પરિવાર

- સુ. શ્રી વિમલાબેન ગોવિંદજી ભાણજી નાગડા - અંજાર
- માતુશ્રી બાયાંબાઈ શામજી દેવણાંધ મોતા - અંધેરી
- માતુશ્રી મીઠીબાઈ રાયચંદ મૈશેરી - માંડવીના સ્મરણાર્થે
- માતુશ્રી જયાબેન દેવશી મૈશેરી - નાની સિંધોડી
- શ્રી વેલજી રાયશી મોતા - નલીયા
- માતુશ્રી ભચીબાઈ પદમશી લોડાયા - નલીયા
- સુ. શ્રી પુષ્પાબેન તથા મહાલક્ષ્મીબેન પદમશી નાગડા
- માતુશ્રી નવલબેન ઠાકરશી મોમાયા - વરાડીયા
- શ્રીમતી વિજયાબેન દિનેશ પદમશી લોડાયા - નલીયા
- માતુશ્રી સુશીલાબેન લક્ષ્મીચંદ હીરજી નાગડા - નલીયા
- માતુશ્રી મુલબાઈ મુલજી ગોવિંદજી લીલાધર છેડા ડોંબિવલી
- માતુશ્રી લક્ષ્મીબેન પદમશી લખમશી નાગડા - નલીયા
- માતુશ્રી કસ્તુરીબાઈ હીરજી કાનજી પીર (લોડાયા) નલીયા
- શ્રીમતી જયાબેન ગોવિંદજી લોડાયા - સુથરી (મુલુંડ)
- માતુશ્રી હીરાવંતીબેન રામજી કુંવરજી નાગડા (પટેલ) વડોદરા
- શ્રી ગોવિંદજી શીવજી લોડાયા તથા
  ચિ. સ્વ. પરેશપતિના સ્મરણાર્થે
- માતુશ્રી લક્ષ્મીબેન લહેરચંદ હીરજી નાગડા - ડોંબિવલી

## લાભાર્થી પરિવારોની ભૂરી ભૂરી અનુમોદના

# શ્રી કચ્છી દશા ઓશવાળ જૈન જ્ઞાતિ મહાજન નલીયા
## ચાતુર્માસ આરાધના, સ્નેહમિલન તથા સ્વામિવાત્સલ્ય ફંડના લાભાર્થી પરિવારોની નામાવલિ

**મુખ્ય આધાર સ્થંભ લાભાર્થી પરિવાર :** શ્રી નલીયા એકતા પરિવાર - મુંબઈ

**રત્ન સ્થંભ લાભાર્થી પરિવાર :** શેઠ શ્રી નરશી નાથા ચેરીટી ટ્રસ્ટ ફંડ (નલીયા, મુંબઈ, પાલીતાણા)

### સુવર્ણ સ્થંભ લાભાર્થી પરિવાર

- શેઠશ્રી વર્ધમાન જીવરાજ નાગડા - ગાંધીધામ
- માતુશ્રી લક્ષ્મીબાઈ ભવાનજી જીવરાજ લોડાયા-મુલુંડ
- માતુશ્રી દીમુબાઈ પદમશી ઘેલાભાઈ મોતા - નલીયા
- માતુશ્રી જયાબેન ઝવેરચંદ નરશી લોડાયા - અંધેરી
- માતુશ્રી રતનબાઈ જેઠાભાઈ દેવણાંધ છેડા - મુલુંડ
- માતુશ્રી દમયંતીબેન ચીમનલાલ કાનજી નાગડા-મુલુંડ
- સીએ શ્રી નરેશભાઈ ભવાનજી કુંવરજી મોમાયા ઘાટકોપર
- અ.સૌ. હંસાબેન દિનેશ ધનજી નાગડા - વડોદરા
- શ્રી મયુર જેઠાભાઈ લખમશી લોડાયા - અંતરજાળ
- અ.સૌ. તૃપ્તિબેન પ્રજેશ વીરચંદ પટેલ(નાગડા) હુબલી
- સંઘમાતા સરલાબેન લક્ષ્મીચંદ નાગડા - ઘાટકોપર હસ્તે : શ્રી સમીર લક્ષ્મીચંદ નાગડા
- શ્રી લધુભા તથા શ્રી નવીનભા લાલજી નાગડા - નવી મુંબઈ, હસ્તે : શ્રીમતી સરલાબેન લધુભા નાગડા
- માતુશ્રી બાંયાબાઈ શામજી મોતા તથા શ્રીમતી જયાબેન માણેકજી નાગડા - લોનાવાલા (અંજાર)
- માતુશ્રી જયાબેન પ્રેમચંદ સોનાવાલા તથા માતુશ્રી સરલાબેન વીરચંદ ખોના - માટુંગા, હસ્તે : અ.સૌ. હર્ષાબેન રીતેન સોનાવાલા
- માતુશ્રી નવલબાઈ વીરચંદ લખમશી દંડ - છાડુરા (સુરત), હસ્તે : અ.સૌ. ઈંદુબેન શરદ દંડ
- શ્રી મોતીચંદ લાલજી ઘેલાભાઈ ખોના - મુલુંડ
- શ્રીમતી જ્યોત્સનાબેન કિરીટકુમાર કેશવજી લોડાયા દાવણગિરી હસ્તેઃ શ્રી મયુર કિરીટકુમાર લોડાયા
- નલિયાની નિયાણી બહેનોનો પરિવાર

### રજતસ્થંભ લાભાર્થી પરિવાર

- માતુશ્રી મધુરીબેન મેઘજી ગોવિંદજી છેડા - શહાડ
- માતુશ્રી ખેતબાઈ લખમશી વેલજી મોતા - નલીયા
- માતુશ્રી લક્ષ્મીબાઈ લહેરચંદ હીરજી નાગડા - ડોંબિવલી
- શ્રીમતી પુષ્પાબેન પ્રવિણચંદ્ર વેરશી લોડાયા - બેંગ્લોર
- અ.સૌ. સ્વ. પ્રભાબેન પુનમચંદ લક્ષ્મીચંદ ધરમશી છાડુરા - હુબલી
- માતુશ્રી લક્ષ્મીબેન પદમશી લખમશી નાગડા - પરભણી હસ્તે : શ્રી અલ્પેશ પદમશી નાગડા
- માતુશ્રી ગુણવંતીબેન દામજી વિશનજી લોડાયા કોઈમ્બતુર, હસ્તે : ચિ. ફાલ્ગુન, કુ. કિંજલ તથા અ.સૌ. ઉષાબેન રમેશ લોડાયા
- માતુશ્રી લક્ષ્મીબાઈ ચાંપશી વેરશી છેડા - ઘાટકોપર હસ્તે : શ્રી કલ્યાણજી ચાંપશી છેડા, પૌત્ર - મૂળરાજ, ચંદ્રસેન, મોહનીશ, દેવ
- માતુશ્રી ભચીબાઈ પદમશી નરપાર લોડાયા - નલીયા, હસ્તે : પડપૌત્ર - ચિ. નયન, ચિ. સંયમ તથા ચિ. નીરવ
- માતુશ્રી ચંદનબેન લખમશી પાશ્વીર મોતા - નલીયા, હસ્તે : અ.સૌ. સ્વ. દર્શના રાજેશ મોતા
- અ.સૌ. સ્વ. દર્શના રાજેશ મોતાની સ્મૃતિમાં, હસ્તે : માતુશ્રી પ્રભાબેન કાંતિલાલ લોડાયા કોઠારા (મુંદ્રા)
- માતુશ્રી ધનબાઈ ભાણજી મુલજી નાગડા - થાણા હસ્તેઃ શ્રી ગોવિંદજી તથા શ્રી લક્ષ્મીચંદ ભાણજી નાગડા પરિવાર
- શ્રી પ્રતાપ ગોવિંદજી દેવજી ખોના - ભાંડુપ, હસ્તે : શ્રી વિનય પ્રતાપ ખોના
- શ્રીમતી હંસાબેન ભરત નાગડા - રાયપુર, હસ્તે : સુપુત્ર - ચિ. રાહુલ, ચિ. નિખીલ
- માતુશ્રી દીમુબાઈ ગોવિંદજી શીવજી લોડાયા - ઘાટકોપર હસ્તે : શ્રી ધનપતિ ગોવિંદજી લોડાયા
- અ.સૌ. સ્વ. મણીબાઈ દામજી ખીંયરાજ મૈશેરી વડાલા (મુલુંડ), હસ્તે : અ.સૌ. મીનાબેન ભરત લોડાયા (પીર).
- માતુશ્રી વાલબાઈ મણીલાલ નાગડા (ધુમ)-ભરૂચ, હસ્તે : શ્રી કાનજીભાઈ મણીલાલ નાગડા (ધુમ).
- શ્રી મહેન્દ્ર ટોકરશી નાગડા - અંકલેશ્વર, હસ્તે : માતુશ્રી મહાલક્ષ્મીબેન લક્ષ્મીચંદ લોડાયા પરિવાર
- શ્રી કુંવરજી લાલજી ખોના - નલીયા
- માતુશ્રી કસ્તુરીબાઈ હીરજી કાનજી (પીર) - નલીયા, હસ્તે : જયાબેન હીરજી પીર
- શ્રી નરશી લધા નાગડા (ધુમ), હસ્તે : ટોકરશી પદમશી નાગડા, શ્રી ગિરીશ નારાણજી નાગડા, શ્રી ખુશાલ તિલકચંદ નાગડા - મુલુંડ

**લાભાર્થી પરિવારોની ભૂરી ભૂરી અનુમોદના**

|| શ્રી ચંદ્રપ્રભુ સ્વામીયે નમઃ ||　　　　ટ્રસ્ટ રજી. નંબર : C-૫૬૪ (કચ્છ)

## શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન જ્ઞાતિ મહાજન - નલીયા (કચ્છ)

ધર્મશાળા ફલીયા, નલીયા, તા. અબડાસા (કચ્છ), પીન નં. ૩૭૦૬૫૫. ફોન નં. ૦૨૮૩૧-૨૨૨૩૩૭

### તા. ૦૧.૦૪.૨૦૨૨ થી તા. ૩૧મી માર્ચ ૨૦૨૩ના રોજ પુરા થતા વર્ષનું આવક-જાવક પત્રક

| આવક | | રકમ |
|---|---|---|
| દુકાન ભાડા | | ૩૦૦૦૦.૦૦ |
| **વ્યાજ આવક** | | |
| બેંક ફી.ડી. ખાતા પર | ૩૧૮૯૯૯.૦૦ | |
| બેંક એસ.બી. ખાતા પર | ૮૯૬૩.૦૦ | |
| ઈન્કમ ટેક્ષ રીફંડ પર | ૧૯૮૦.૦૦ | ૩૨૯૯૪૨.૦૦ |
| **દાન ખાતે** | | |
| સાધર્મિક ભક્તિ | ૨૮૧૨.૦૦ | |
| આયંબીલ ભેટ | ૭૬૨૨.૦૦ | |
| સાધુ-સાધ્વી વૈયાવચ્ચ | ૧૧૩૧૦.૦૦ | |
| સંઘ જમણ ભેટ | ૬૦૨૩૫૬.૦૦ | |
| સાધારણ ભેટ | ૪૬૧૩૭૫.૦૦ | |
| સર્વ સાધારણ ભેટ | ૧૦૦૦૦.૦૦ | |
| ચાતુર્માસ ભેટ | ૪૬૨૦૦૪.૦૦ | |
| પંચાન્હિકા મહોત્સવ ભેટ | ૨૦૦૦૦.૦૦ | ૧૫૭૭૪૭૯.૦૦ |
| **અન્ય આવક** | | |
| વાસણ ભાડા | ૧૧૫૧.૦૦ | |
| સગપણ લાગા | ૮૦૮.૦૦ | |
| પરચુરણ આવક | ૨૩૦.૦૦ | ૨૧૮૯.૦૦ |
| | કુલ રૂ. | ૧૯૩૯૬૧૦.૦૦ |

| ખર્ચ | | રકમ |
|---|---|---|
| મરામત અને નિભાવ | | ૧૨૨૬૨.૦૦ |
| **વહીવટી ખર્ચ** | | |
| સ્ટાફ પગાર ખર્ચ | ૨૦૭૯૦૦.૦૦ | |
| સ્ટાફ બોનસ ખર્ચ | ૧૫૯૦૦.૦૦ | |
| પોસ્ટેજ તથા કુરીઅર ખર્ચ | ૨૧૮૦.૦૦ | |
| બેંક કમીશન | ૩૦૯૬.૨૦ | |
| જાહેરાત ખર્ચ | ૪૬૫૨૪.૦૦ | |
| પ્રિન્ટીંગ તથા સ્ટેશનરી ખર્ચ | ૨૬૪૬૪.૦૦ | |
| ઓફિસ ખર્ચ | ૧૨૭૨૦.૦૦ | |
| મુસાફરી ખર્ચ | ૨૧૪૦.૦૦ | |
| ઈલેક્ટ્રીસીટી બીલ ખર્ચ | ૫૩૦૬૦.૦૦ | ૩૬૯૯૮૪.૨૦ |
| ઓડીટ, ઈન્કમટેક્ષ તથા અન્ય ફી | | ૩૪૨૨૦.૦૦ |
| ચેરીટી ફાળો અને ફી | | ૮૯૧૭.૦૦ |
| ડેડ સ્ટોક મરામત | | ૧૬૬૧૫.૦૦ |
| ઘસારો | | ૨૩૯૦૦.૦૦ |
| **ધાર્મિક ખર્ચ** | - | |
| સાધારણ ખર્ચ | ૨૫૩૫૭૪.૦૦ | |
| સાધુ-સાધ્વી વૈયાવચ્ચ | ૪૮૦૮૯.૦૦ | |
| ચાતુર્માસ ખર્ચ | ૨૫૨૯૯૬.૦૦ | |
| આયંબીલ ખર્ચ | ૧૫૦૦૦.૦૦ | ૫૬૯૬૫૯.૦૦ |
| અન્ય ધર્માદા ખર્ચ - સંઘ જમણ | | ૬૯૭૧૭૦.૦૦ |
| કુલ ખર્ચ | | ૧૭૩૨૭૨૭.૨૦ |
| ચાલુ સાલે વધારો સરવૈયામાં લઈ ગયા | | ૨૦૬૮૮૨.૮૦ |
| | કુલ રૂ. | ૧૯૩૯૬૧૦.૦૦ |

## તા. ૩૧મી માર્ચ ૨૦૨૩ના રોજનું સરવૈયું

| ફંડો અને જવાબદારી | | રકમ |
|---|---|---|
| ટ્રસ્ટ ફંડ | ૨૮૯૮૫૬૦.૭૫ | |
| આજીવન સભ્યપદ ફી | ૨૮૨૭૦૦.૦૦ | |
| ભોજનશાળા ફંડ | ૬૩૬૭૬૩૭.૧૩ | ૯૫૪૮૮૯૭.૮૮ |
| અંકિત ફંડ | | ૩૮૬૬૬૩૮.૩૫ |
| **આવક-ખર્ચ ખાતું** | | |
| ગઈ સાલની બાકી | ૬૬૪૦૦૨૭.૬૦ | |
| ચાલુ સાલે આવકમાં વધારો | ૨૦૬૮૮૨.૮૦ | ૬૮૪૬૯૧૦.૪૦ |
| | કુલ રૂ. | ૨૦૨૬૨૪૪૬.૬૩ |

| મિલ્કત-લેણાં | | રકમ |
|---|---|---|
| સ્થાવર મિલકત | | ૧૨૮૬૩૭૭૫.૦૦ |
| રોકાણ(એફ.ડી.)ICICI બેન્ક,નલીયા | ૫૯૦૦૦૦૦.૦૦ | |
| વ્યાજ વસુલાત | ૫૧૧૮૫૧.૦૦ | ૬૪૧૧૮૫૧.૦૦ |
| ડેડ સ્ટોક ફર્નીચર | | ૧૯૫૦૩૨.૦૦ |
| મહાજનવાડી મીટર ડીપોઝીટ | ૮૫૦૦.૦૦ | |
| દુકાન મીટર ડીપોઝીટ | ૮૨૨૨.૦૦ | ૧૬૭૨૨.૦૦ |
| ટી.ડી.એસ. આવવાનો (૨૦૨૨-૨૩) | | ૩૨૬૪૬.૦૦ |
| **રોકડ અને બેંક** | | |
| એસ.બી.આઈ. બેન્ક નલીયા | ૨૧૭૦૫.૫૭ | |
| ICICI બેન્ક, મુંબઈ | ૪૫૨૦૧૯.૧૧ | |
| અરિહંત બેન્ક, મુંબઈ | ૧૬૧૭૮૨.૬૩ | |
| પંજાબ નેશનલ બેન્ક, મુંબઈ | ૩૫૩૨૦.૩૨ | |
| પુરાંત હાથ પર (કચ્છ) | ૭૧૫૯૩.૦૦ | ૭૪૨૪૨૦.૬૩ |
| | કુલ રૂ. | ૨૦૨૬૨૪૪૬.૬૩ |

**શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન જ્ઞાતિ મહાજન - નલીયા વતી (ટ્રસ્ટીગણ)**

તા. ૧૦.૦૮.૨૦૨૩　　　　ઓડીટર્સ : લાલકા એન્ડ લાલકા (LLP) (ગાંધીધામ - કચ્છ)

|| શ્રી ચંદ્રપ્રભુ સ્વામીયે નમઃ || ટ્રસ્ટ રજી. નંબર : ઈ-૧૦૫૧ (કચ્છ)

## શ્રી પાંજરાપોળ ગૌશાળા ચેરીટેબલ ટ્રસ્ટ-નલીયા (કચ્છ)

નલીયા (કચ્છ), તા. અબડાસા - ૩૭૦ ૬૫૫.

### તા. ૦૧.૦૪.૨૦૨૨ થી તા. ૩૧મી માર્ચ ૨૦૨૩ના રોજ પુરા થતા વર્ષનું આવક-જાવક પત્રક

| આવક | | રકમ |
|---|---|---|
| **ભાડા આવક** | | |
| ટાવર ભાડા | ૧૦૩૫૦૦.૦૦ | |
| ખેતર ભાડા | ૧૧૦૦૦.૦૦ | ૧૧૪૫૦૦.૦૦ |
| **વ્યાજ આવક** | | |
| બેંક એસ.બી. ખાતા પર | ૭૯૧૧૭.૦૦ | |
| બેંક એફ.ડી. ખાતા પર | ૬૩૮૮૨૦.૦૦ | |
| ઈન્કમ ટેક્ષ રીફંડ પર | ૩૯૫૮.૦૦ | ૭૨૧૮૯૫.૦૦ |
| સદ્‌ગૃહસ્થોની ભેટ | ૨૯૧૮૧૮૮.૦૦ | |
| ઢોર દાખલ ભેટ | ૧૦૦૦૦.૦૦ | ૨૯૨૮૧૮૮.૦૦ |
| સરકારી સબસીડી | | ૫૭૧૩૨૦.૦૦ |
| **અન્ય આવક** | | |
| ઢોર વેચાણ | ૭૮૦૦૦.૦૦ | |
| ખાતર વેચાણ | ૩૩૦૦૦.૦૦ | |
| દુધ,ઘી,છાશ અન્ય વેચાણ | ૪૯૮૯૧૫.૦૦ | |
| ઢોર ભાડા | ૧૨૨૫૧.૦૦ | |
| ખાલી બારદાન વેચાણ | ૧૮૦.૦૦ | ૬૨૨૩૪૬.૦૦ |
| | કુલ રૂ. | ૪૯૫૮૨૪૯.૦૦ |

| ખર્ચ | | રકમ |
|---|---|---|
| મરામત અને રીપેરીંગ | | ૪૪૩૨૭.૦૦ |
| **વહીવટી ખર્ચ** | | |
| સ્ટાફ પગાર ખર્ચ | ૩૧૧૦૬૦.૦૦ | |
| સ્ટાફ બોનસ ખર્ચ | ૧૯૦૦૦.૦૦ | |
| ઈલેક્ટ્રીસીટી બીલ ખર્ચ | ૧૧૬૭૦.૦૦ | |
| ઓફિસ ખર્ચ | ૯૧૭૦.૦૦ | |
| પ્રિન્ટીંગ તથા સ્ટેશનરી ખર્ચ | ૨૪૪૬૬.૦૦ | |
| મુસાફરી ખર્ચ | ૫૦૦૦.૦૦ | |
| વેહીકલ પેટ્રોલ તથા રીપેરીંગ | ૭૧૦૦.૦૦ | |
| જાહેરાત ખર્ચ | ૮૪૭૬૮.૦૦ | |
| સભ્ય ફી ખર્ચ | ૧૧૦૦૦.૦૦ | |
| બેંક કમીશન | ૪૦૮.૮૫ | ૪૮૩૬૪૨.૮૫ |
| ઓડીટ, ઈન્કમ ટેક્ષ તથા અન્ય ફી | | ૪૭૭૯૦.૦૦ |
| ચેરીટી ફાળો અને ફી | | ૨૬૮૪૯.૦૦ |
| ટી.ડી.એસ. માંડી વાળવા | | ૧૪૪૫૮.૦૦ |
| ઘસારો | | ૯૮૩૩.૦૦ |
| **પાંજરાપોળ રનીંગ ખર્ચ** | | |
| ઢોર માવજત ખર્ચ | ૩૯૫૧૭૫.૦૦ | |
| ઢોર ચારાણી-મીરાણી ખર્ચ | ૨૯૪૧૩૦.૦૦ | |
| ડાંઢર વતરા ખરીદી ખર્ચ | ૧૧૪૫૩૩૦.૦૦ | |
| લીલા ચારા ખરીદી | ૩૦૮૧૦૦.૦૦ | |
| ખાણ ભૂસા ખરીદી ખર્ચ | ૬૮૧૯૫૦.૦૦ | |
| કુતરાના રોટલા તથા પક્ષી ચણ ખર્ચ | ૬૭૭૫.૦૦ | ૨૮૩૧૪૬૦.૦૦ |
| ખર્ચથી આવકમાં વધારો | | ૧૪૯૯૮૮૯.૧૫ |
| | કુલ રૂ. | ૪૯૫૮૨૪૯.૦૦ |

## તા. ૩૧મી માર્ચ ૨૦૨૩ના રોજનું સરવૈયું

| ફંડો અને જવાબદારી | | રકમ |
|---|---|---|
| ટ્રસ્ટ ફંડ | | ૨૧૦૭૯૨.૨૨ |
| શ્રી કાયમી ઘાસચારા જીવદયા ફંડ | | ૧૨૩૨૮૪૬૧.૭૩ |
| ઢોર ભાડા ડીપોઝીટ | | ૧૮૦૦૦.૦૦ |
| **આવક-જાવક ખાતું** | | |
| ગઈ સાલની બાકી | ૩૩૭૬૫૩૭.૧૯ | |
| ચાલુ સાલે વધારો | ૧૪૯૯૮૮૯.૧૫ | ૪૮૭૬૪૨૬.૩૪ |
| | કુલ રૂ. | ૧૭૪૩૩૬૮૦.૨૯ |

| મિલ્કત-લેણાં | | રકમ |
|---|---|---|
| સ્થાવર મિલકત | | ૨૩૬૪૬૩.૦૦ |
| ગોડાઉન બાંધકામ | | ૫૫૨૨૮૪.૦૦ |
| ખેતીવાડી જમીન N.A. | | ૩૩૧૬૩૪.૦૦ |
| રોકાણ (એફ.ડી.) | | |
| ICICI બેન્ક, નલીયા ફી.ડી. | ૧૧૦૦૦૦૦૦.૦૦ | |
| પંજાબ નેશનલ બેન્ક, મુંબઈ ફી | ૧૦૦૦૦૦૦.૦૦ | |
| વ્યાજ વસુલાત | ૮૧૭૩૬૨.૦૦ | ૧૨૮૧૭૩૬૨.૦૦ |
| ફર્નીચર-ફિક્ષચર | | ૫૨૮૫.૦૦ |
| હીરો હોન્ડા વ્હીલર | | ૩૨૪૧૭.૦૦ |
| સી.સી.ટી.વી. કેમેરા ચાલુ સાલે ખરીદી ૪૭૦૦૦.૦૦ | | |
| ઘસારો | ૩૫૨૫.૦૦ | ૪૩૪૭૫.૦૦ |
| પી.જી.વી.સી.એલ. ડીપોઝીટ | | ૪૪૪૦.૦૦ |
| સ્ટોક ડાંઢર વતરો ખણ ભૂસા | | ૨૯૩૦૨૫.૦૦ |
| ટી.ડી.એસ. આવવાનો (૨૦૨૨-૨૩) | | ૬૩૮૮૩.૦૦ |
| **રોકડ અને બેંક બેલેન્સ** | | |
| બેન્ક ઓફ બરોડા, નલીયા | ૨૫૨૦૬૭.૨૬ | |
| અરિહંત બેન્ક, મુંબઈ | ૬૭૫૨૬૭.૧૦ | |
| ICICI બેન્ક | ૧૦૯૮૮૪૪.૦૦ | |
| પી.એન.બી., મુંબઈ | ૯૪૦૩૨૭.૯૩ | |
| પુરાંત હાથ પર (કચ્છ) | ૮૬૯૦૬.૦૦ | ૩૦૫૩૪૧૨.૨૯ |
| | કુલ રૂ. | ૧૭૪૩૩૬૮૦.૨૯ |

**શ્રી પાંજરાપોળ ગૌશાળા ચેરીટેબલ ટ્રસ્ટ - નલીયા વતી (ટ્રસ્ટીગણ)**

તા. ૧૦.૦૮.૨૦૨૩ ઓડીટર્સ : લાલકા એન્ડ લાલકા (LLP) (ગાંધીધામ - કચ્છ)

એ પોઝીટીવ સ્ટોરી

# માંડવીના માનવસેવાના ભેખધારી શ્રી કિરણભાઇ સંઘવીની યશગાથા


**C.A. કુલીનકાંત ચાંપશી લુઠીયા**- ટ્રસ્ટી, માનવ જ્યોત

મો.નં.- **98200 39469**




શ્રી કિરણકુમાર વાડીલાલ સંઘવી છેલ્લા ૬ વર્ષથી જનકલ્યાણ મેડીકલ સોસાયટી સંચાલિત નવનીત કેન્સર રિસર્ચ હોસ્પિટલ એન્ડ ડાયાલીસીસ સેન્ટરનું પ્રમુખ સ્થાન શોભાવી પોતાની કામગીરીનું ક્ષેત્ર સારી રીતે વિકસાવી ચુક્યા છે. તેમનું મોબાઇલ - ૯૮૨૫૫ ૬૦૭૦૭ છે.

માંડવી - ભુજ હાઇવે પર આવેલા આ પવિત્ર સેન્ટર માટે તેમણે આશરે રૂપીયા પંદર કરોડનું અનુદાન અપાવેલ છે. દર્દીઓને ૫૦% ડીસ્કાઉન્ટથી દવા અપાય છે, છ ડાયાલીસીસ મશીન દ્વારા કિડની ફેઇલ્યોરના દરદીઓને ફ્રી ડાયાલીસીસ કરાવી આપવામાં આવે છે, જેનો લાભ આજ સુધી ૫૫ હજાર દરદીઓ લીધો છે.૧ લાખથી વધુ દર્દીઓને સારવારનો લાભ લીધો છે.૩,૦૦૦ દરદીઓને ફ્રી દવા અપાઇ છે.૧૦,૦૦૦ ને ફ્રી માં ડાયાલીસીસ કરી અપાયા છે. ૨,૨૦૦ દરદીઓને રાહત દરે એમ્બ્યુલન્સ અપાઇ છે.

કેન્સરગ્રસ્ત દરદીઓ માટે કિરણભાઇના હ્રદયમાં અખુટ લાગણી સાથે ઉર્મિઓનું પણ મોટું પ્રદાન છે. શ્રી કિરણભાઇએ ૧૯૭૮ થી ૧૯૯૮ સુધી ૨૦ વર્ષ શ્રી માંડવી મર્ચન્ટ એસોસીએશનનું પ્રમુખ સ્થાન શોભાવેલ છે. માંડવી મર્કેન્ટાઇલ બેંકની સ્થાપનામાં પણ તેમને સિંહફાળો રહ્યો હતો.૨૯ વર્ષની નાની વયે યુવા વયે પ્રમુખ તરીકે તેઓ ચુંટાયા હતા. માનવસેવા તેમના જીવનક્રમમાં વણાઇ ગઇ છે. તેમના સત્કાર્યો થકી તેઓ સમસ્ત હોસ્પિટલમાં પ્રેરણા મુર્તિ સમાન છે. તેમણે પોતાનું સમગ્ર જીવન પોતે પસંદ કરેલા કેન્સરના ક્ષેત્ર માટે સહર્ષ સમર્પિત કરી દીધું છે.

માનવ સેવા એજ પ્રભુ સેવા, સેવા પરમો ધર્મ ! ખુદ ઘસાઇને દુઃખિયારાની પીડા ઓછી કરવામાં સદાય વ્યસ્ત રહે છે. આવી નિઃસ્પૃહી સરળતા અને સેવા પરાયણતા જ તેમને મુઠ્ઠી ઊંચેરો માનવી તરીકે ઠેરવે છે. તેમણે મોરબી હોનારત વખતે ભવ્ય કામગીરી કરી હતી.

જૈન સાધુ સાધ્વી માટે ઘુંટણના દુઃખાવા માટે અમેરીકાની આધુનિક સારવારના મફત કેમ્પનું આયોજન કરે છે, જેનો લાભ ૪૫ જેટલા જૈન સાધુ સાધ્વીઓએ લીધો છે. ઘુંટણની તકલીફમાં સ્ટેમસેલ પધ્ધતિથી સારવાર અપાય છે.

શ્રી કિરણભાઇ મહેનત ,ખંત,ચીવટ અને આંતરસુઝ તેમજ પોતીકી પ્રતીભાથી સેવારત રહે છે. પ્રેમાળુ,માયાળુ અને મનાનવતાવાદી સ્વભાવના કિરણભાઇના હ્રદયમાં સંવેદનાનું અખુટ બેલેન્સ ધરબાયેલું રહે છે.

તેમની સેવાની આ જયોત સદાય ઝળહળતી રહે, તેમની સેવારૂપી પ્રગટાવેલી જ્યોતનો સદાય જરૂરતમંદોને લાભ મળતો રહે તેવી પ્રાર્થના.

### કવિ જ્ઞાનેશ લાપસિયાને જૈન પત્રકાર સંઘ દ્વારા ઍવોર્ડ

દલતુંગીના મુલુંડ ચેકનાકા નિવાસી પ્રબુદ્ધ કવિ જ્ઞાનેશ જયચંદ લાપસીયાને તેમના કાવ્ય 'કાશ જિંદગી એક પુસ્તક હોત...!' પ્રતિષ્ઠિત મુંબઈ જૈન પત્રકાર સંઘ દ્વારા શ્રીમતી જેઠીબેન ચીમનલાલ મુલચંદ શેઠ ટ્રસ્ટ પુરસ્કૃત ઍવોર્ડ એનાયત કરાયો છે.

## કાશ જિંદગી એક પુસ્તક હોત...!

કાશ જિંદગી ખરેખર એક પુસ્તક હોત
કમસે કમ વાંચી તો શકત ઉતરાર્ધ
ક્યારે શું મેળવ્યું અને ક્યારે શું ગુમાવીશ
ક્યારે મળશે ખુશી અને ક્યારે આંસુ સારીશ
કાશ જિંદગી એક પુસ્તક હોત...

કાઢી નાખત એ ક્ષણો-કે એ પૃષ્ઠ
જેમાં મન દુભાવવું લખ્યું હોય
જોડી દેત એવાં દરેક પાનાં
જેમાં મધુર હાસ્ય આલેખાયું હોય
કાશ જિંદગી એક પુસ્તક હોત...

સમયથી નજરો બચાવી સરી જાત ભૂતકાળમાં
અને જોડી દેત તૂટેલા અધુરાં અરમાન
સજીવન કરી શકત મૃતઃપ્રાય જિજીવિષા
અને ફર્યા કરત મુજ સ્વપ્નમય આકાશમાં
કાશ જિંદગી ખરેખર એક પુસ્તક હોત...!


એક પાનાના વાર્ષિક શુભચિંતક દાતા : એક સદ્‌ગૃહસ્થ જ્ઞાતિજન

સમાચાર સંકલન — સંસ્થા સમાચાર · જ્ઞાતિ સમાચાર · વતન સમાચાર

**જ્ઞાતિને સ્પર્શતા સમાચારો ટૂંકમાં પાનાની એક બાજુએ સારા અક્ષરે કાર્યક્રમ પૂર્ણ થાય કે તરત લખી મોકલવા વિનંતી.**

### શ્રી કચ્છી દશા ઓસવાલ જૈન સર્વોદય મંડળ

મંડળ દ્વારા સરસ્વતી સન્માન કાર્યક્રમ તા. ૮.૧૦.૨૦૨૩ના ઉજવાયો. મંડળના પ્રમુખ શ્રી મયુર મણીકાંત ધુલ્લાએ સર્વે જ્ઞાતિજનોને આવકાર આપ્યો હતો.

આ વર્ષના સૌજન્ય દાતા પરિવારો અને યુવા પ્રતિભાને સુંદર સમિૃતિચિન્હ ભેટ આપવામાં આવ્યા હતા. વિવિધ અભ્યાસક્રમના પ્રાથમિક વર્ષથી પોસ્ટ ગ્રેજ્યુએટ પરીક્ષામાં ઉચ્ચ ગુણાંક સાથે ઉત્તીર્ણ થયેલા ૪૮ બાળકો અને યુવાનોનું સર્ટીફિકેટ, મેડલ અને ભેટ દ્વારા સૌજન્ય દાતા પરિવારના હસ્તે બહુમાન કરવામાં આવ્યું હતું.

કાર્યક્રમનું સંચાલન માનદ્‌મંત્રી શ્રી જીજ્ઞેશ કુંવરજી મોતા તથા મહિલા વિભાગ પ્રમુખ શ્રીમતી વિરાજ મયુર ધુલ્લાએ કર્યું. મહિલા વિભાગ દ્વારા કચ્છની સંસ્કૃતિ અને કલાનો સમન્વય સ્વરૂપ કાર્યક્રમ 'પાંજી ધરોહર ૨.૦' રજુ કરવામાં આવ્યો હતો.

આ કાર્યક્રમમાં ૭૦૦થી વધુ પ્રત્યક્ષ હાજરી આપી હતી તથા યુ-ટ્યુબના માધ્યમથી વિશ્વરભરમાં ૪૯૦૦થી વધુ લોકોએ માણ્યો હતો. કાર્યક્રમના સંયોજકો અને સહભાગી થનાર તમામ જ્ઞાતિજનોને સ્મૃતિચિન્હ ભેટ આપવામાં આવ્યા હતા. મહિલા વિભાગ પ્રમુખ શ્રીમતી વિરાજ મયુર ધુલ્લાએ આભારવિધિ કરી હતી.

### શ્રી કચ્છી દસા ઓશવાલ જૈન મહાજન,ગદગ

ગદગથી તા. ૨૭.૯.૨૩થી ચૈત્રી પરીપાટીનું આયોજન કરવામાં આવ્યું હતું. કાત્રજ(પુના), થાણામાં શંખેશ્વર પાર્શ્વનાથ, તલાશરી તીર્થના દર્શનવંદન પછી વાપીમાં બિરાજમાન પ.પૂ. કનકપૂર્ણાશ્રીજી મ.સા.એ માંગલિક સંભળાવેલ. ત્યાંથી વડોદરા અચલગચ્છ સંઘમાં રાત્રી રોકાણ બાદ સવારે અચલગચ્છાધિપતિ આ.ભ.પ.પૂ. શ્રી કલાપ્રભસાગરસુરીશ્વરજી મ.સા. ના વ્યાખ્યાનનો તથા દેરાસરમાં દર્શનવંદનનો લાભ લીધો.

ત્યારબાદ પાવાગઢ મહાકાલી માતાજીના દર્શનવંદન પછી મણીલક્ષ્મી તીર્થમાં રાત્રી રોકાણ કરી સવારે કેવડીયા કોલોનીમાં સ્ટેચ્યુ ઓફ યુનીટી, મહુડી તીર્થ, આગલોડ, વિજાપુર તથા શંખેશ્વર પાર્શ્વનાથ ભગવાનના દર્શનવંદન કરી સુરત રાત્રિ રોકાણ પછી ગદગ તરફ પ્રયાણ કરેલ.

### હુબલી-ગોવા કાર રેલીમાં જ્ઞાતિની મહિલાઓ

રોટલી ક્લબ હુબલી વિદ્યાનગર આયોજીત બીજી હુબ્બલી-ગોવા કાર રેલીમાં જ્ઞાતિની ચાર મહિલાઓ ભાગ લઈ રહી છે. આમા પ્રો.ડૉ. મહિમા મોહિત દંડ લીડ ઓર્ગેનાઈઝર છે.

### ગદગ ઈંગ્લીશ સ્કુલ નૃત્યસ્પર્ધામાં દ્વિતીય

શ્રી સીડીઓ જૈન ઈંગ્લીશ મીડીયમ સ્કુલ ગદગને ગદગ જિલ્લા રાજ્યોત્સવમાં યોજાયેલી સમુહ નૃત્ય સ્પર્ધામાં દ્વિતીય સ્થાન પ્રાપ્ત થયું છે. સ્પર્ધામાં ૧૫૦ જેટલા વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો.

### જાસ્મીનબેનને રાજ્યપાલ ઍવોર્ડ

નલિયાના કોઈમ્બતુર નિવાસી વીણાબેન અને મધુકાંત શાહ (નાગડા)ના વિદ્વાન દીકરી શ્રીમતી જાસ્મીન જ્યોર્જને


।। શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ નમઃ ।।

**કૃણાલ : ૭૨૨૧૦ ૭૨૧૦૭ / ૯૩૨૪૦ ૧૭૩૪૫**

**ગાય અને ભેંસનું શુધ્ધ ઘી**

સ્વાદ લિજ્જતદાર – સુગંધ ખુશ્બુદાર
એક વાર ખાશો તો માંગશો વારંવાર

**વિરમગામનાં પ્રખ્યાત જૈન દુગ્ધાલયનું શુધ્ધ ઘી હવે મળશે મુંબઈમાં તમારા ઘર આંગણે**



એક કિલો
પાંચ કિલો અને
પંદર કિલોમાં ઉપલબ્ધ

ફ્રી હોમ ડિલીવરી

હોલસેલ અને રિટેલમાં ઉપલબ્ધ

વનસ્પતિ વિજ્ઞાનમાં સંશોધન માટે વિશેષ પ્રદાન બદલ કેરલના રાજ્યપાલ શ્રી આરીફ મોહમ્મદ ખાનના હસ્તે ખાસ ઍવોર્ડ એનાયત કરાયો છે. જાસ્મીનબેન કેરલની સેન્ટર યુનિવર્સિટીમાં આસી. પ્રોફેસર છે અને સાથે જ કાસરગોડ બોટનીકલ એન્ડ રીસર્ચ સેન્ટરના જોઈન્ટ ડિરેક્ટર છે.

**નાશિક પંચવટી સિમંધર સ્વામી જિનાલય**

ગોદાવરી તીરે નાશિક પંચવટી ક્ષેત્રે જિનેશ્વર સીમંધર સ્વામીના નૂતન જિનાલય નાશિક કદઓ અચલગચ્છ સંઘના અન્વયે નિર્માણ કરવામાં આવી રહ્યું છે. પ.પૂ.સા. જયલક્ષ્મીશ્રીજી મ.સા.ના સુશિષ્યા ખાનદેશરત્ન પ.પૂ.સા. જયદર્શિતાશ્રીજી મ.સા. અને પ.પૂ.સા. હિમાંશુશ્રીજી મ.સા.ની પાવન નિશ્રામાં સીમંધર સ્વામીના પૂર્ણ જિનાલયનું નિર્માણ સંપન્ન થશે.

**પારોલા તીર્થે પંચાન્હિકા મહોત્સવ**

પારોલા તીર્થે મહાવીરસ્વામી નિર્વાણ કલ્યાણક, ગૌતમ સ્વામીના કેવલ જ્ઞાન પ્રાકટ્ય દિન એવં પારોલા તીર્થઉધ્ધારિકા સાધ્વીવર્યા પ.પૂ.સા.જયલક્ષ્મીશ્રીજી મ.સા. તથા પ.પૂ.સા. મુક્તિશ્રીજી મ.સા.ના સ્વર્ગારોહણ તિથિના અવસરે ખાનદેશરત્ના પ.પૂ.સા. જયદર્શિતાશ્રીજી. મસા અને પ.પૂ.સા. હિમાંશુશ્રીજી.મ.સા.ની નિશ્રામાં વિ.સ. ૨૦૭૯ આસોવદ ૧૨, (વાઘબારસ) તા. ૯.૧૧.૨૩ થી તા. ૧૩.૧૧.૨૩, કાર્તિક સુદ ૧, ૨૦૮૦ના દિવસો દરમિયાન પંચાહિન્કા મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું છે.

**અતીત શાહ કેરાલા નેશનલ ગેમ્સની ટીમમાં**




રાયધણજરના કોચી નિવાસી અતીતભાઈ ભરત શાહ (મોતા) કેરલા ઓલિમ્પિક એસોશિએશન દ્વારા ગોવામાં યોજાઈ રહેલા ૩૭મા રાષ્ટ્રીય ગેમ્સ ટુર્નામેન્ટ માટે બિલિયર્ડની ટીમમાં પસંદ કરાયા છે.

**સર્વોદય સંપદા : મહિલા વિભાગની અનુકરણીય પહેલ**

કદઓ જૈન સર્વોદય મંડળ, મહિલા વિભાગ દ્વારા ઘરમાં પડી રહેલી વપરાતી ન હોય એવી સાજીસમી વસ્તુઓ એનજીઓને આપી શકાય એ ઉદ્દેશ્યથી મુલુંડના મેપાણી હોલમાં પહોંચતી કરવાની ટહેલ નાખી છે.

આ ટહેલ મુજબ સારી કંડીશનમાં વપરાયા વિનાની વાપરવા યોગ્ય વસ્તુઓ જેમકે પુસ્તકો, સ્ટેશનરી, રમકડા, બ્લેન્કેટ્સ, પ્લાસ્ટિક કન્ટેઈનર્સ, ઢાકણા સાથેની બોટલ્સ, પર્સ, બૂટ-ચંપલ વગેરેનો સમાવેશ થાય છે.

**કુ. મનાલી મોમાયાને ગોલ્ડ મેડલ**

કુ. મનાલી છાયા-બિપીન મોમાયા હુબલીને ડૉ. બી. આર. આંબેડકર સ્ટડીઝના અનુસ્નાતક અભ્યાસક્રમમાં ઉત્તીર્ણ થયા બદલ કર્ણાટકના માનનીય રાજ્યપાલ શ્રી થાવરચંદ ગહલોતજી અને ઉચ્ચ શિક્ષણ ખાતાના કેબિનેટ પ્રધાન ડૉ. એમ.સી. સુધાકરના હસ્તે ડિપ્લોમા અને બે સુવર્ણ મેડલ કર્ણાટક યુનિવર્સિટી ધારવાડના દીક્ષાંત સમારોહમાં એનાયત કરાયા હતા.

**બેસ્ટ શૅફ અંજલી ધરમશી**




કોઠારાના મુલુંડ નિવાસી અંજલીબેન ધરમશીને તાજેતરમાં કેરલાની કોચી સ્થિત હોટેલ કાઉન પ્લાઝા ખાતે પદ્મશ્રી શૅફ સંજીવ કપુરના હસ્તે 'બેસ્ટ શૅફ' ઍવોર્ડ પ્રદાન કરવામાં આવ્યો છે. અંજલીબેનને લંડનની સિટી ગિલ્ડ ઈન્સ્ટીટ્યૂટનો પેસ્ટ્રી શૅફ ડિપ્લોમા પ્રાપ્ત છે.

**સખીવૃંદ-પુના**



ચોથી મીટીંગ તા. ૭ ઓક્ટોબર-૨૦૨૩ના Physio and Well being વિષય પર વિનલ લાલકાના નિવાસ સ્થાને યોજાઈ હતી. જેમાં ડૉ. અલોક યાદવને આમંત્રિત કર્યા હતા. ડૉ. અલોક જલગાવના પ્રખ્યાત ફિઝિયોથેરાપીસ્ટ છે.

**સાડીઓના અનુભવી શાંતીભાઈને મળો...**
પારસી વર્ક, કસબ વર્ક, જીક કસબ, પીટા વર્ક, મોચી ટાકો, બટ કસબ, હાથ વર્ક અને મશીન વર્કની સાડીઓ અને ચણીયાચોળી રેડી સ્ટોકમાં મળશે. તેમજ ઓર્ડરથી બનાવી આપવામાં આવશે. તમારી જુની સાડીઓને ઓલ્ટર કરી આપશું.
સાચી જરીની સાડીઓ વેચી આપવામાં આવશે. અમારી બીજી કોઈ શાખા નથી
**સૌનલ આર્ટ** (થાણા) Mob.: 99678 41792
'શિવમ', ડી-૨૦૧/૨૦૨, રઘુનાથ નગર, વાગલે એસ્ટેટ, રોડ નં. ૯, શિવસેના ઓફિસની સામે, થાણા-૪૦૦ ૬૦૪.

**એક પાનાના વાર્ષિક શુભચિંતક દાતા : જયેશ દામજી નથુભાઈ દંડ - મંજલ રેલડીયા (મુલુંડ)**

સપ્ટેમ્બર મહિનાનો અહેવાલ ચાંદનીબેન લોડાયાએ આપ્યો.

ડૉ. અલોક એ Cardiovascular fitness, Spine Care, Menstrual Cramps and Pain, Menopause and Frozen Shoulder જેવી બિમારીઓ વિશેની વિસ્તૃત જાણકારી તથા એને અનુરૂપ કસરત કરીને બતાડી હતી. અંતમાં સોનલ લોડાયાએ વિનલબેન તથા ડૉ. અલોક યાદવનો આભાર વ્યક્ત કર્યો.

### કુ. વિધિને ગોલ્ડ મેડલ



ગોવામાં ચાલી રહેલા ૩૭મા નેશનલ ગેમ્સ ૨૦૨૩ રમતોત્સવમાં વિમેન્સ રોલ ગોલ ગેમમાં મહારાષ્ટ્રની ટીમમાં કુ. વિધિ ધર્મેશ જવેરચંદ લોડાયા, સાંયરા-જલગામનો સમાવેશ છે.

ફાઈનલ મેચમાં મહારાષ્ટ્રની ટીમે ૪-૩ ગોલથી રાજસ્થાનને હરાવી ગોલ્ડ મેડલ જીત્યો છે. જેમાં કુ. વિધિનો દેખાવ પ્રભાવક હતો.

### છત્તીસગઢ ક.દ.ઓ. મહાજન-રાયપુર



મહાજન દ્વારા મહાકાળી માતાજીની સામુહિક ભાવના, કન્યાપુજા તથા ચુનરી અર્પણનું આયોજન તા. ૨૨.૧૦.૨૩ના કરવામાં આવ્યું હતું.

### શ્રી નિલેશભાઈ પોલડીયાની અનુમોદનીય સેવા



તા. ૧૬.૧૦.૨૩ના પચ્ચીસ દીક્ષાર્થી મુમુક્ષો યાત્રા કરી પરત મુંબઈ આવી રહ્યાં હતા ત્યારે કોઈ કારણસર ટ્રેન પાંચ કલાક મોડી હતી જેથી દીક્ષાર્થીઓને નવકારશી માટે પ્રશ્ન ઉભો થયેલ, પરંતુ બુરહાનપુર મધ્યે શ્રી નિલેશભાઈ તારાચંદ પોલડીયા ડુમરાવાલાએ ફક્ત અડધા કલાકના સમયમાં બધી જ વ્યવસ્થા કરી સ્ટેશન ઉપર પહોંચાડી હતી.

## વતનના વર્તમાન

સંકલન : કેસરસિંહ ખોના

### માંડવીમાં સ્ટીલના બાર્જનું નિર્માણ

માંડવીના જહાજવાડામાં ૨૪૦ ફુટ લાંબા અને ૪૩ ફુટ પહોળા સ્ટીલના બાર્જનું નિર્માણ કરવામાં આવ્યું છે. અંદાજે દોઢ વર્ષમાં પૂર્ણ થયેલા બાર્જ નિર્માણમાં કુલ ૮૦ જણની મહેનત લાગી છે.આમાં કુર ૧૨૦૦ ટન સ્ટીલની વપરાશ થઈ છે. બાર્જનું નિર્માણ એસ એસ આર મરીન કંપની દ્વારા રીશી શીપીંગ માટે કરવામાં આવ્યું છે.

### મોટી સિંધોડી એપ્રોચ રોડ

મોટી સિંધોડી તા. અબડાસાના એપ્રોચ રોડનું ખાત મુહુર્ત કરવામાં આવ્યું છે. રૂા. ૫૪૦ લાખના ખર્ચે આ રોડ બનશે. આ ઉપરાંત નરેડી રોડ પાસે રૂા. ૨૯૩ લાખના ખર્ચે મોટા બ્રિજનું કામ હાથ ધરાયું છે. આ બંનેનું ખાત મુહુર્ત તા. ૨૬.૧૦.૨૩ના રોજ ધારાસભ્ય શ્રી પ્રદ્યુમ્નસિંહજી જાડેજાના શુભ હસ્તે કરવામાં આવ્યું હતું.

### સુરતના કેપી ગ્રુપનું રૂા.૧૦,૦૦૦ કરોડનું રોકાણ

ભચાઉ તાલુકામાં એક હજાર મેગાવૉટ સૌર વિદ્યુત ઉત્પાદન પ્રોજેક્ટ માટે સુરતનું કેપી ગ્રુપ રૂા.૧૦,૦૦૦ કરોડનું રોકાણ કરી રહ્યું છે. આ ઉપરાંત કનૈયાબેર ખાતે સ્ટીલ વાયર રોડ પ્લાન્ટ સ્થાપવામાં આવી રહ્યું છે. આ પ્રોજેક્ટ કેપી ગ્રુપના ડૉ. ફારૂખ પટેલ અને હક સ્ટીલના એમડી ઈનામુલ હક ઈરાકીના સંયુક્ત સાહસરૂપે સ્થાપવામાં આવી રહ્યું છે.

### માનવજ્યોત દ્વારા મહિલાનો પરિવાર સાથે મિલાપ

કોરોનામાં મૃત્યુ પામેલી ગણાતી હરિયાણી મહિલાને તાજેતરમાં એના મૂળ પરિવાર સાથે મિલન કરાવી આપવામાં માનવજ્યોત સંસ્થાને સફળતા મળી છે.

ફિલ્મ જેવી સ્ટોરીમાં મહિલાના પુત્ર અને પતિનું કોરોનાના રોગચાળામાં દેહાંત થતા આઘાતના કારણે હરિયાણાની મહિલા સુધ-બુધ ખોઈ બેઠી હતી તે રખડતી રખડતી ગુજરાતમાં બાયઠ ખાતે આવી પહોંચેલી. ત્યાંથી

Exclusive Embroidery & Upto date Finishing
જ્યોતિ Sachi Jari maate real nam
૨૮, ગની મેન્શન, અરોરા થિયેટર પાછળ, માટુંગા (સે.રે.), કિંગ્સ સર્કલ, મુંબઈ-૪૦૦ ૦૧૯.
Tel.: 2404 3995 / 83692 52836 Sunday Closed
Originally at Zaveri Bazar since 1976 Follow us on

માનવજ્યોતના પાલારા સ્થિત રામદેવ સેવાશ્રમમાં વિશેષ સારવાર અપાઈ હતી. હરિયાણાના સોનીપતની રાજરાની નામની આ મહિલાના બે પુત્રોમાંથી એક પુત્ર, પતિ, માતા પણ મરણ પામ્યા હતા.

ચાર વરસ અહીંતહીં ભટક્યા બાદ છેવટે એના ભાઈને સમાચાર મોકલતા એ તરત જ ભુજ આવી પહોંચતા પરિવારને સુપરત કરાઈ હતી એમ પ્રબોધભાઈ મુનવરે જણાવ્યું હતું.

**ચાર નવી હોસ્પિટલોને સોનોગ્રાફી માન્યતા**

જિલ્લા પંચાયત કચ્છના આરોગ્ય અધિકારી યાદીમાં જણાવ્યા પ્રમાણે ભુજની ફ્લેમિંગો મલ્ટી સ્પેશ્યાલિટી હોસ્પિટલ, આયુષ હોસ્પિટલ એલએલપી નખત્રાણા, પટેલ હોસ્પિટલ માનકુવા તથા આયુષ હોસ્પિટલ મુંદ્રા એમ ચાર નવી હોસ્પિટલોને સોનોગ્રાફી સંબંધી માન્યતા આપવામાં આવી છે. જ્યારે ભુજની એકૉર્ડ મલ્ટી સ્પે. હોસ્પિટલની માન્યતા બાકી છે. ઉપરોક્ત સિવાય અગાઉની સોનોગ્રાફીની માન્યતા પ્રાપ્ત હોસ્પિટલોની માન્યતાનું નવીનીકરણ કરવામાં આવ્યું છે.

**કોઠારા કૃષિ મહોત્સવ**

આંતરરાષ્ટ્રીય બાજરી વર્ગ ધાન્ય વર્ષના અનુસંધાનમાં જિલ્લા પંચાયત ખેતીવાડી ખાતા દ્વારા કોઠારા ખાતે બાજરી વર્ગના અનાજ (મિલેટ્સ)ની ખેતીનો વ્યાપ વધારવા માટે તાલુકા કક્ષાના મેળાનો તાજેતરમાં ધારાસભ્ય પ્રદ્યુમ્નસિંહજી જાડેજાએ શુભારંભ કરાવ્યો હતો.

**કોઠારા રક્તદાન શિબીર**

જલારામ હોસ્પિટલ અને ગાયત્રી પરિવાર દ્વારા યોજાયેલા રક્તદાન શિબીરમાં ૨૩૪૫૦ સીસી રક્ત એકત્ર થયું હતું.

**રાષ્ટ્રીય આયુર્વેદ દિવસ**

રાષ્ટ્રીય આયુર્વેદ દિવસની ભુજમાં ઉજવણી કરવામાં આવી હતી. ઉજવણીના ભાગરૂપે 'આયુર્વેદ ફૉર વન હેલ્થ' વિષય સાથે 'હર દિન હર કિસી કે લિએ આયુર્વેદ' અભિયાન હેઠળ આયુષ મેળો આયોજિત કરવામાં આવ્યો હતો. વધુમાં ઔષધીય વનસ્પતિ રસોડામાં સ્થિત ઔષધો વગેરેનું આયોજન કરવામાં આવ્યું હતું.

**બારોઈ કવીઓ મહાજનની વંશવૃદ્ધિ યોજના**

ખરેખર આ વંશ વૃદ્ધિ નહીં પણ જૈનોની ઘટી રહેલી વસ્તીને રીવર્સ ગીયરમાં લઈ જવાની યોજના છે. મળતા સમાચાર મુજબ બે કે વધુ બાળકોને જન્મ આપનારા દંપતિને રોકડ રકમની સહાય આપવામાં આવી છે. આ યોજના શરૂ કર્યા બાદ પહેલી જ વાર ત્રણ દંપતિઓએ સ્વેચ્છાથી બે બાળકોને જન્મ આપવાનું બીડું ઝડપી લેતા મહાજન તરફથી ત્રણેય દંપતિને એક-એક લાખ રૂપિયાનું અનુદાન આપવામાં આવ્યું હતું જોકે આમાંના એક દંપતિ પ્રીતિબેન અમિત કાંતિલાલ પૂંજા કેનિયા દ્વારા આ એક લાખ રૂપિયામાં રૂા. ૫૦૦૦/- ઉમેરી મહાજનની બે અથવા ત્રણ બાળકોની ઝુંબેશમાં સહાય પેટે પરત આપ્યા છે.

જો કે અહીં, બાળકોને જન્મ આપવા બાબત જે સમસ્યાઓ છે તેનો અભ્યાસ કરી નિરાકરણ કરવું જરૂરી જણાય છે. આપણા કદઓ મહાજનો અને સમસ્ત મહાજન આ દિશામાં કેવા પગલાં લઈ રહ્યાં છે તે જાણવું રસપ્રદ થઈ રહેશે.

**સંસ્કૃતને દૈનિક ઉપયોગમાં લેવાનો પ્રયાસ**

દેવભાષા સંસ્કૃતમાં આજે પણ અનેક મંત્ર, શ્લોક અને સ્તોત્ર વિભિન્ન ધાર્મિક-સામાજિક બાબતોમાં ઉપયોગ કરાય છે પણ સામાન્ય રોજબરોજના વપરાશમાં નથી.

અત્યંત વૈજ્ઞાનિક સંસ્કૃત ભાષાને લોકપ્રિય બનાવવા અને દૈનિક વ્યાવહારમાં લોકસાધ્ય બનાવવાનો સંસ્કૃત ભારતી છેલ્લા ૩૦ વર્ષથી પ્રયાસ કરી રહી છે. આના પરિણામે જિલ્લામાં ૭૯ લોકો જ સંસ્કૃતનો ઉપયોગ કરતા થયા છે. આ પૈકી માત્ર ત્રણ પરિવારનો લોકો ઘરમાં અને દૈનિક વ્યવહારમાં સંસ્કૃતનો ઉપયોગ કરે છે. શરૂઆત ખોટી નથી. વધુ પ્રગતિની આશા રાખીએ.

**ગુંદિયાળી જળ નિર્લવણીકરણ પ્રોજેક્ટ**

ભૂગર્ભજળ સપાટી વધુને વધુ નીચે જવા ઉપરાંત ક્ષારનું પ્રમાણ વધુ રહેતા પેય જળની સમસ્યા વિકરાળ બની રહી છે ત્યારે સમુદ્રી જળને નિર્લવણીકૃત કરવાના પ્રયાસ હાથ ધરાઈ રહ્યા છે.

આ પ્રયાસના ભાગરૂપે ગુંદિયાળી ખાતે પાણી પુરવઠા ખાતાએ સમુદ્ર જળને પેય જળ (સાદા પાણી)માં રૂપાંતર કરવાની યોજના હાથ ધરી છે. જેમાં રૂા.૮૦૦ કરોડના ખર્ચે ૧૦ કરોડ લીટર સાદુ પાણી તૈયાર કરવાનો કોન્ટ્રેક્ટ શાપુરજી પાલનજી પ્રા.લિ.ને અપાયો છે.

**લાલામાં ઓવર હેડ વૉટર ટેન્ક**

અબડાસાના લાલા ગામે ઓવર હેડ વૉટર ટેન્ક(ટાંકો) અને પાણીના સમ્પના કામોનું ભૂમિપૂજન ધારાસભ્ય પ્રદ્યુમનસિંહજી જાડેજાની ઉપસ્થિતિમાં પાર પાડવામાં આવ્યું. આ માટે રૂા. ૨૮ લાખની યોજના તૈયાર કરાઈ છે.

# જીવન ચક્ર

## જન્મ - સગપણ - લગ્ન - મરણ નોંધ

સંપાદક : રમેશ પદમશી દંડ (શાહ) - ભરૂડિયા
મો. : 98197 93610 / E-mail : rpshah41@yahoo.com



### જન્મ

| | | | | |
|---|---|---|---|---|
| ૦૭.૧૦.૨૦૨૩ | થાણા | હીયાન, કૃતિકા-યશ ડાઘા | વરાડીયા | પુત્ર |

### જ્ઞાતિ સગપણ

| | | | | |
|---|---|---|---|---|
| ૨૪.૧૦.૨૦૨૩ | ધુલિયા | જિત મનીષ લક્ષ્મીચંદ ભાટે (ધરમશી) | સુથરી | ૨૮ |
| | મુલુંડ | પ્રાચી મયુર ખિમજી લોડાયા | બાંઢીયા | ૨૬ |
| ૨૯.૧૦.૨૦૨૩ | હૈદ્રાબાદ | મેહુલ અનિલ નાગડા | મોટી સિંધોડી | ૨૬ |
| | હૈદ્રાબાદ | ભવ્યા મનીષ લોડાયા | રાપર ગઢવારી | ૨૩ |

### આંતરજ્ઞાતિ સગપણ

| | | | | |
|---|---|---|---|---|
| ૨૧.૧૦.૨૦૨૩ | મુલુંડ | આકાશ કેતન મનસુખલાલ દોશી | જદરા મહુવા | ૩૧ |
| | મુલુંડ | શ્રુતિ રાજેન્દ્ર કાંતિલાલ મોતા | રાયધણજર | ૩૨ |
| ૨૪.૧૦.૨૦૨૩ | મુલુંડ | ગીત ભૂપેશ દામજી મોમાયા | વરાડિયા | ૨૪ |
| | મુલુંડ | મેઘના કમલેશ કાંતિલાલ વઢવાણા | સુત્રપાડા | ૨૪ |

### જ્ઞાતિ લગ્ન છુટા

| | | | | |
|---|---|---|---|---|
| --- | દોંડાઈચા | મયંક જીતેન્દ્ર મોમાયા | સાંયરા | ૩૨ |
| | ભાંડુપ | મિત્તલ મધુકર લોડાયા | સાંધવ | ૨૯ |

### મરણ

| | | | | |
|---|---|---|---|---|
| ૦૬.૧૦.૨૦૨૩ | મુલુંડ | હિતેન વિશનજી ગંગર | મોટી ખાખર | ૪૯ |
| | | મા. કાન્તાબેન વેરશી લોડાયા (દલતુંગી)ના જમાઈ | | |
| ૧૬.૧૦.૨૦૨૩ | બેંગ્લોર | હેમંત નરેન્દ્ર લાપસીયા | દલતુંગી | ૪૮ |
| ૨૦.૧૦.૨૦૨૩ | સાંગલી | દમયંતી સુર્યકાંત મોતા | રાપર | ૭૧ |
| ૨૨.૧૦.૨૦૨૩ | નવસારી | ઈંદુમતી ખુશાલભાઈ ગોસર | -- | ૬૧ |
| ૨૨.૧૦.૨૦૨૩ | મુલુંડ | લીના અતુલ લોડાયા | નલિયા | ૫૧ |
| ૨૫.૧૦.૨૦૨૩ | થાણા | જયશ્રી કિશોર ખોના | સાંયરા | ૬૬ |
| ૨૫.૧૦.૨૦૨૩ | કેનેડા | જીમ (ચીમનલાલ) માણેકજી ખોના | રંગપુર | ૮૫ |
| ૨૬.૧૦.૨૦૨૩ | અમદાવાદ | મીત મિલન ગોસર | બાયઠ | ૧૫ |
| ૨૯.૧૦.૨૦૨૩ | ડોંબિવલી | વિરેન ગોવિંદજી નાગડા | રાપર | ૪૮ |
| ૩૦.૧૦.૨૦૨૩ | ગદગ | શીવજી લધાભાઈ દંડ | પરજાઉ | ૯૦ |
| ૩૧.૧૦.૨૦૨૩ | કોઠારા | વર્ધમાન હિરજી લોડાયા | કોઠારા | ૫૩ |

## માંડવી અચલગચ્છ જૈન સંઘની ચૈત્ય પરિપાટી

માંડવી અચલગચ્છ જૈન સંઘ આયોજિત ચૈત્ય પરિપાટી અચલગચ્છ ઉપાશ્રયથી સાધ્વીશ્રી આગમ કિરણાશ્રીજી મ.સા. આદિ ઠાણા-૩ની નિશ્રામાં અજિતનાથ જિનાલયથી શરૂ થઈ હતી. સંઘપતિ જ્યોતિબેન અરવિંદભાઈ ગાલા, સંઘના પ્રમુખ મયુરભાઈ શાહ સહિત કદઓ જૈન મહાજન, માંડવીના ટ્રસ્ટી વિનયભાઈ શાહ, તિલકભાઈ ડાઘા અને કુણાલભાઈ ડાઘાએ પરિપાટીની વ્યવસ્થા સંભાળી હતી.

## નવા/બદલાયેલા સરનામા/ફોન – (પુરૂં નામ અને નવું સરનામું મોકલવાની સાથે જુનું રદ કરવાનું સરનામું અવશ્ય જણાવવું)

**Shri Kiran Velji Poladia (PS-149)**
108, Chandra Apartment, 1st Floor,
CSP Housing Society, Sarvodaya Nagar,
Mulund (West), MH - 400 080.
M.: 98201 39018.

**Shri Kirit Umarshi Chheda (PS-159)**
C-1104, Ashok Oddessy,
Nabrad Colony, Damodar Park,
Opp. State Bank of India, LBS Marg,
Ghatkopar (West) MH - 400 086.
M.: 98210 49372.

**Shri Rajesh Manekji Maisheri (PS-2293)**
A-702, Safal Parivesh, Safal Road,
Off. Corporate Road,Pralhad Nagar,
Ahmedabad, GJ - 380 015.
M.: 98213 93904.

**Shri Gaurav Sanatkumar Shah(Lodaya) (PS-362)**
3605/3606, BEAUMONTE, Tower B,
Scheme No. 6, Road No. 28-A&B,
Sion (East), MH - 400 022.
M.: 98211 67678.

**Shri Yogesh Jayantilal Dhulla (PS-7446)**
B-203, Himalaya Aashish, Thakurwadi,
Kalu Nagar, Near Vasant Nagar Police Station,
Dombivali (West), MH - 421 202.
M.: 76662 08883, 98700 69400.

આપના રહેઠાણના સરનામામાં ફેરફાર અંગેની નોંધ હવેથી **kdoaddress@gmail.com** ઉપર મોકલવા વિનંતી છે.

### વિગતવાર સમાચાર મોકલવામાં ઔચિત્ય – મર્યાદા

જ્ઞાતિ સંસ્થાની પ્રવૃત્તિઓ અને કાર્યક્રમોના સમાચારો સમાચાર વિભાગમાં પ્રકાશિત કરવા મોકલતી વખતે મુખ્ય વિગતો જ જણાવવા વિનંતિ છે. દીપ પ્રાગટ્ય, નવકાર મંત્ર પઠન, કોણે કોનું સન્માન કર્યું, ઇનામો–પારિતોષિકો મેળવનારનાં નામો, પર્યુષણમાં કયું સપનું કોણે પધરાવ્યું, ક્યા ક્યા વિશિષ્ટ મહાનુભાવો હાજર રહ્યા હતા જેવી વિગતો સમાચારમાં લઇ શકાતી નથી.


।। મહાવીરાય નમઃ ।।

**સોમનાથ - કેબ્સ - કોઠારા**



**અમારી સેવાઓ**



- ગુજરાત, રાજસ્થાન, મહારાષ્ટ્ર તથા કચ્છના તમામ શહેરો માટે બંને તરફથી વનવે ભાડામાં આવવા જવા માટે ટેક્ષી
- વનવે તથા રિટર્ન ટ્રીપ માટે વિશેષ સુવિધા
- જૈન તીર્થધામો માટે વિશેષ સુવિધા
- અનુભવી ડ્રાઈવરો સાથે 24 x 7 અને 365 દિવસ કાર્યરત

વધુ માહિતી માટે સંપર્ક કરોઃ
**નિરવ મુનવર : 8320965711 / 9724382302**


### નમ્ર નિવેદન

જ્ઞાતિજનો, સંસ્થાઓ તથા મહાજનોને નિવેદન છે કે સમાચાર, જાહેરખબર કે અન્ય માહિતી મોકલતી વખતે ઈ–મેલમાં આપનો કોન્ટેક્ટ નંબર લખવો.

**– તંત્રી મંડળ**

### સત્તરમી પુણ્યતિથિએ સ્મૃતિવંદના

જન્મ (બાંઢીયા)
આષાઢ વદિ ૬
સં. ૧૯૯૬
દીક્ષા (પાલીતાણા)
મહા સુદ ૫ સં. ૨૦૧૬



સ્વર્ગારોહણ (ભૂજ)
આસો વદિ ૧૨
સં. ૨૦૬૨

**શાસન પ્રભાવિકા ગુરૂવર્યા પૂ. સા. જયલક્ષ્મીશ્રીજી મ. સા.**

વાત્સલ્યથી છલકાતા... ભક્તિભાવથી ભરપૂર...
સ્વાધ્યાયમાં લયલીન... કર્તવ્ય પાલનમાં કઠોર...
સંયમ સાધનામાં અડગ... સરળતા... સહજતા... અને સમતા...
ના ત્રિણેણી સંગમ ઉપર સુશોભિત જીવન જ જેમનું તીર્થસ્વરૂપ હતું
એવા શાસન પ્રભાવિકા પ. પૂ. સા. જયલક્ષ્મીશ્રીજી મ. સા.ની
પંદરમી સ્વર્ગારોહણ તિથી પ્રસંગે ચરણકમળમાં કોટી કોટી વંદના...
આપની અમી દૃષ્ટિ અને કૃપાવૃષ્ટિ
અમારા ઉપર સતત વરસતી રહે એજ અભિલાષા.

**: શ્રદ્ધાસુમન :**

**સા. ગુણલક્ષ્મીશ્રીજી, સા. જયધર્માશ્રીજી**
**સા. જયદર્શિતાશ્રીજી, સા. હિમાંશુશ્રીજી તથા**
**શ્રીમાન હિરાચંદ અરજણ પટેલ પરિવાર**
**(બાંઢિયા – ઐરોલી)**

# Diwali Pujan -The worship of Moksh Lakshmi and Kaivalya Saraswati



**- Shilpa Ajani** (B.com, DG, FGA (Lon), FFIG)

We all know that on the day of Diwali, Bhagwan Mahavir attained the Lakshmi (wealth) of salvation and Gautam Swami attained the Saraswati (knowledge) of Kevalgnan, hence we worship Lakshmi and Saraswati on this day. In Jainism, the significance of goddesses Saraswati and Lakshmi is a subject of profound spirituality and veneration. They hold a unique place in Jain culture, embodying virtues and principles that align with Jain philosophy. Saraswati, the goddess of knowledge and wisdom, and Lakshmi, the goddess of wealth and prosperity, are revered in Jainism for their symbolic representations and the lessons they impart to practitioners.

Saraswati, often depicted as a serene and graceful figure holding a veena (a harp) and a book, symbolises knowledge and wisdom. In Jainism, the pursuit of knowledge and spiritual enlightenment is of paramount importance, and Saraswati's worship underscores the significance of learning in one's spiritual journey. She is depicted as Guardian of Scriptures and is termed as Shrut devi. She is considered as guardian of Suri mantra as well. Saraswati is invoked for dispelling the darkness of ignorance and for removing the infatuation caused by the Gnanavarniya Karma (i.e. the karma clouding right knowledge). In Jainism, the goddess of learning is named variously as Sarasvati, Shrutadevata, Sharada, Bharati, Bhasa, Vak, Vak-devata, Vagisvari, Vagvadini, Vani and Brahmi. Jain scriptures emphasise that true wisdom is the path to liberation, as it helps individuals transcend worldly desires and attain a state of pure consciousness. Saraswati's inclusion in Jainism serves as a reminder to devotees to seek not only worldly knowledge but also spiritual wisdom on their path to self-realisation.

Lakshmi in Sanskrit is derived from the root word 'lakṣh', meaning "goal, aim, objective", on one hand and, "to be attentive, to perceive, know and understand", on the other. Thus Lakshmi's symbolic message to us is : 'know and understand your goal'. What is the goal of all human existence? Moksh or liberation from the cycles of birth and death. It is not to be understood as worldly wealth (which is dhan in Sanskrit) but spiritual wealth (Lakshmi). Her four hands – signify four purusharths (ends of human life); dharma or righteousness, kama or desires, artha or wealth, and moksha or liberation from the cycle of birth and death. Gold embroidered red clothes – Red symbolizes activity and the golden lining indicates prosperity. For any gain, purusharth (efforts) is needed. Two elephants spraying water – denote that ceaseless effort, in accordance with one's dharma and governed by wisdom and purity, leads to spiritual prosperity.

Lotus throne – suggests that the being in question has transcended the limitations of the finite world (the mud of existence, as it were) and floats freely in a sphere of purity and spirituality.

Owl as vaahan (carrier) – Uluka or owl is one of the names of Indra, the king of gods, personifying wealth, power and glory. Riding atop Indra suggests the superiority of spiritual wealth over material wealth.

Lakshmi, on the other hand, is the goddess of wealth and prosperity, often portrayed with lotus flowers and coins. In Jainism, the perspective on wealth differs from that of the religious philosophies. While ethical wealth and material prosperity are not discouraged, Jainism teaches the importance of non-attachment to material possessions. Jain ascetics renounce worldly wealth and possessions, embodying a life of minimalism.

Thus, Saraswati and Lakshmi have a profound spiritual and metaphysical dimension in Jainism. They represent inner qualities and virtues that practitioners should cultivate. So, as we do our Diwali rituals , let us worship Saraswati as the significator of the importance of introspection, meditation, and self-realisation for attaining kevalgnan and Lakshmi as a symbolic reminder of our ultimate goal- the attainment of 'moksh-lakshmi'.

Over View

# THE RULE OF FIVE

**Tilakchand K. Lodaya,** Chennai.
(Former Chief Commissioner of IncomeTax) Mob.: 99406 36646



Being from a business family, One evening I was looking back at the 100 years of voyages of the various businesses which I have known, come across during my Income Tax career, heard or read about. Flourishing businesses have just vanished either during the lifetime of the entrepreneur himself, or his first generation or at the most second generation. Exceptions are far and few.

Reasons could be authoritarian father, competition, over trading, reckless borrowings, lack of finance planning, no control over expenses, speculation and urge to make quick and unethical money, developing bad habits, dependence on one or two buyers or sellers only, lack of devotion, changes in markets, changes in laws, family calamities and quarrels, incompetent or no successors, business fatigue and so on.

But one important reason is rigidity and following the same working style for all times to come in the everchanging business and also in personal world also. I propose to deal with this one crucial aspect only.

What worked in building an enterprise or an organization from 0 to 10 crores will not work to take the enterprise from 10 to 50 crores. As a salesman, your approach is all about your success. As a sales manager, your success depends on your team's success and hence your approach and methodology has to be different. Performing is an art. Teaching is a science. Hence, the approaches have to be different.

In the long journey of growth your strengths have to adapt to changing situations; else, even your strength will become your weaknesses.

If you keep doing the same things, you will keep getting the same results. If you want new results, you will have to do new things. You have walked up to this point. Now, you need to march to the top. Unless you change your approach as well as yourself, your future will become a mere repeatation of your present.

And, one of the biggest changes that is needed is to recognise that Time is money, growth and opportunity. Time is life. Time management is actually life management.

To start with stop viewing priorities vertically. It is not career first, family next, then comes health and so on... Start viewing them horizontally with equal importance. Career, family and health are equally important. These three are mere examples. Priorities are highly individualistic and contextual.

For an organization to excel it has to be good in every department. And for it to fail, a weakness in one department is sufficient. Challenges in one role of your life is enough to rob your peace.

The question is not "of everything, which is the best." But it is "how you get the best out of everything." Nothing at the cost of something but a balance of everything.

Apply the rule of '5' to anything and everything. Who are your top 5 customers? Interact with them at a personal level. Similarly top 5 employees, suppliers, stocks, inflows, outflows, friends, relationships and so on. The discipline of '5' will ensure things that matter the most in your life. First things first.

Learn from the past and plan your future actions. Keep tab on newer developments in all areas affecting your business. Join business Associations, develop contacts, be a step ahead of others and innovate. Employ talent and skilled personnel. Groom your children and give them responsibility and accountability. Work according to a Strategy.Develop good interpersonal relations.

Start from where you can start. First identify the 5 areas where you want to implement the rule of 5. In the words of T.T. Rangarajan "Masters of time are the true masters of life."

Life Power

# Create Conversations - Part 2

**Alpa Dharamshi** (Multilingual Counsellor) - **M.: 9945365319**
Pehechaan - A Mission To Help Identify Yourself.



Thank you readers of Prakash Samiksha for your interesting response on my write up on CREATE CONVERSATIONS -PART 1.

In this article I will definitely help readers to overcome the simple health issues by changing the thought patterns as suggested by Louise. Louise Hay was an American motivational author, professional speaker and AIDS advocate. SHE HEALED HER TERMINAL STAGE CANCER NOT BY TREATMENT BUT BY CHANGING HER MENTAL THOUGHT PATTERNS. She authored several New Thought self-help books, including the 1984 book You Can Heal Your Life and founded Hay House publishing. 50 Million copies of her noted book YOU CAN HEAL YOUR LIFE have been printed world over in 40 languages and continues to heal, transform and empower the lives of so many people globally even today.

The past has no power over us. It doesn't matter how long we have had a negative pattern. The point of power is in the present moment. What a wonderful thing to realize! We can begin to be free in this moment!" ~Louise Hay To heal your body and dissolve stored blocked emotions:

Allow yourself to really feel it or metabolize it. One of the easiest ways to let go of muscle tension is to actively feel and let go of emotions when they come. Feeling these emotions might involve crying, punching or screaming into a pillow, or any other form of catharsis. Adopt an attitude of non judgment. When we judge our emotions as something "bad" or "wrong," we actually deepen our suffering and solidify the tension within our muscles. Instead, simply realize that an emotion is an emotion. Journal about how you feel. Let all of your emotions out in a journal, completely unfiltered. This is a very healing practice if done regularly. Be gentle with yourself. Muscle tension tends to add to our negative inner voices which cause us even more tension. To break this cycle of the body feeding the mind and the mind feeding the body, be kind towards yourself. Treat yourself as you would a child or best friend. This practice is a simple but profound way to relax and heal.

Now for the NEW THOUGHT PATTERNS

1) HEADACHE - caused by invalidating the self, Self criticism and fear. * Change your thought patterns to " I love and approve of myself. I see myself and what I do with eyes of love. I am safe."

2) NECK - Neck pain represents inflexibility and stubbornness. * Change your thought patterns to "I am peaceful with life".

3) SHOULDERS - Pain in the shoulders indicate that the person carries a heavy emotional burden. Shoulders carry everything. * Change your thought patterns to "I choose to allow all my experiences to be joyous and loving".

4) UPPER BACK - Upper back pain manifests lack of emotional support. Holding back feelings or doesn't feel appreciated or loved. * Change your thought patterns to " I love and approve of myself. Life supports and loves me."

5) LOWER BACK - Pain in the lower back indicates fear of money, lack of financial support. * Change your thought patterns to "I trust the process of life. All I need is always taken care of. I am safe."

6) MIDDLE BACK - Stuck in all that stuff back there. * Change your thought patterns to "I release the past. I am free to move forward with love in my heart."

7) ELBOWS - Elbows and arms signify a lack of capacity and ability to hold the experiences of life. Resisting change of directions and acceptance. * Change your thought patterns to " I easily flow with new experiences, new directions and new changes"

8) HANDS - Pain in the hands may be caused by ways of dealing with hold & handle, clutch & grip, grasping & letting go. * Change your thought patterns to " I choose to handle all my experiences with love and with joy and with ease."

9) ABDOMEN - Undigested thoughts. * Change your thought patterns to" I trust the process of life. I am safe."

10) HIPS - Major thrust in moving forward. * Change your thought patterns to "Hip Hip Hooray - there is joy in every day. I am balanced and free."

11) KNEES - Pain in the knee is a sign of pride and ego. * Change your thought patterns to "I am flexible and flowing".

12) ANKLES - Pain in ankles mean lack of ability to receive pleasure. * Change your thought patterns to "I deserve to rejoice in life. I accept all that life has to offer.

13) FEET - Feet pain represents our lack of ability to understand one self, life or others. * Change your thought patterns to "My understanding is clear, and I am willing to change with the times. I am safe."

As you look through the above list mentioned by Louise Hay, see if there is any correlation between the dis-ease you may have had or are having now and the probable causes. Repeat the mental thought patterns mentioned and see the difference.

With my experience as a pain and palliative care counsellor for Cancer patients and their caregivers. Every Cancer patient with whom I spend time during their last leg of life- they share with me, their deep resentments and hurts. By the time they realise the need for forgiveness, it is too late.

Heal Yourself at the Earliest. Create Conversations. We do not know how much more time we have in this journey called life.


IMDb 8.5/10
TOI 4.6/5
WORLD DIGITAL PREMIERE
A ShemarooMe Exclusive Film
હું અને તું
you + me
WATCH NOW
ONLY ON
shemaroo me
DOWNLOAD NOW
अ/U

**CDO Prakash Samiksha** R.N.I. No. MAHBIL/2020/79181 **Date of Publication :** 5th & 20th of every month
Postal Reg. No. MCN / 322 / 2021-2023 WPP Licence No. MR/Tech/WPP-352/North/2021-23
Posting : 8 / 9 & 23 / 24 of every month Posted at Mumbai Partika Channel Sorting Office, Mumbai - 400 001

'Aroma.......Essence of Life'

# ધ્રીયા ઈરીગેશન ટપક પદ્ધતિ

Rivulis



Per Drop... More crop...

ટીપે-ટીપે મબલક પાક



## મહેનત ઓછી નફો વધુ



- સબસીડી ૭૦% થી ૮૫% મળવા પાત્ર
- અટલ-ભુજલ વધારાની સબસીડી (માત્ર પસંદગીના ગામો (કચ્છ)
- માત્ર ૩ જ વર્ષમાં ફુવારા (સ્પ્રીંડલ) વસાવેલા ખેડૂતોને ડ્રીપ માટે સબસીડી મળવા પાત્ર.

રૂા. ૧૦,૦૦૦/- ગેલ્વેનાઈઝ વાઈંડર મશીન ફ્રી...

Free winder
* T&C Apply

'Aroma.......Essence of Life'

**DHRIYA ESSENTIAL OILS**

ઉર્મિલ રમણીકલાલ ગાલા (સમાઘોઘા)

9594915013

ઓફિસ : ગુંદાલા ચોકડી, ગુંદાલા, મુંદ્રા, કચ્છ, ગુજરાત-૩૭૦ ૪૧૦.

Email : dhiryaessentialoil@gmail.com

આવો આધુનિક ખેતી તરફ વળીએ !!!

BINITA MARU - 9869034162

| If undelivered, please return to : | To, |
|---|---|
| **C.D.O. PRAKASH SAMIKSHA**<br>A/704, Remi Bizcourt, Shah Indl. Estate,<br>Off Veera Desai Road,<br>Andheri (W), Mumbai - 400 053. | |

Printed and Published by **HIRACHAND DAMJI DAND** on behalf of **SHRI C.D.O. PRAKASH SAMIKSHA SAMITI,** Printed at THE NEW MILLENIUM PRINTERS, 14-A, GROUND FLOOR, SITARAM MILL, PATRA SHED, SITARAM MILL COMPOUND, JACOB CIRCLE, LOWER PAREL, MUMBAI 400 013 and Published from SHRI C.D.O. PRAKASH SAMIKSHA SAMITI, A/704, REMI BIZCOURT, PLOT NO. 9, SHAH INDL. ESTATE, OFF VEERA DESAI ROAD, ANDHERI (WEST), MUMBAI 400 053. Editor: **HIRACHAND DAMJI DAND**